CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Page 11

Year : 04, Issue : 72, Dt. 22-07-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 32, RNI No. GUJGUJ/2023/84789

## સંસદમાં હોબાળો બન્ને ગૃહો કાલ સુધી સ્થગિત

# સંસદમાં બ્લેક 'Wednesday'



## રાહુલ સહિત કોંગ્રેસના સાંસદો કાળા કપડા પહેરીને વિરોધ કર્યો



**રાજ્યસભામાં ખડગે બોલ્યા ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું પછી ચર્ચા કરીશું**



**રાજનાથસિંહે કહ્યું યુવાનોને રાજકીય હથિયાર ન બનાવે**



**ભાજપ સાંસદ દુબે બોલ્યા પ્રદર્શનને પાકિસ્તાનથી સમર્થન મળી રહ્યું છે**



**અખિલેશે કહ્યું આ કોઈ પક્ષનો નહીં વિદ્યાર્થીઓનો મુદ્દો PM ગૃહમાં જવાબ આપે**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન બુધવારે વિપક્ષે કોકરોચ જનતા પાર્ટીના સમર્થકો પર પોલીસ કાર્યવાહીના મુદ્દે હોબાળો કર્યો. હોબાળા વચ્ચે લોકસભાને ગુરુવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

બીજી તરફ રાજ્યસભામાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, તેઓ ગૃહમાં NEET પેપર લીક મામલે ચર્ચા ત્યારે જ ઇચ્છે છે જ્યારે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપી દે. સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ લોકસભામાં કહ્યું કે સરકાર છેલ્લા ત્રણ દિવસથી સતત NEET પેપર લીકના મુદ્દે ચર્ચાની ઓફર કરી રહી છે. પરંતુ વિપક્ષ મુદ્દા પર રાજનીતિ કરી રહ્યો છે.

રાહુલ ગાંધી સહિત અન્ય વિપક્ષી સાંસદો બુધવારે કાળા કપડાં પહેરીને સંસદ પહોંચ્યા. વિપક્ષી પાર્ટીઓ ૨૦ જુલાઈના સંસદ માર્ચ દરમિયાન વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી, પેપર લીકનો વિરોધ કરી રહી છે.

રાજનાથ સિંહે કહ્યું- દિલ્હીમાં ચાલી રહેલાં વિરોધ-પ્રદર્શનો ગંભીર ચિંતાનો વિષય છે. તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે આપણા દેશના વિદ્યાર્થીઓ અને યુવાનોને કેટલાક લોકો પોતાના રાજકીય સ્વાર્થોની પૂર્તિ માટે એક રાજકીય સાધન તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આપણા વિદ્યાર્થીઓની દરેક ચિંતાને સાંભળવી અને તેનું સમાધાન કરવું એ આપણી જવાબદારી છે. મને પૂરો વિશ્વાસ છે કે ભારતના જાગૃત, પરિપક્વ અને વિવેકશીલ યુવાનો આવા ભ્રામક પ્રયાસોને સારી રીતે સમજે છે અને તેઓ પ્રગતિ, વિકાસ તથા રાષ્ટ્રનિર્માણના માર્ગને જ પસંદ કરશે. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ રાજ્યસભામાં કહ્યું કે, INDI ગઠબંધનનું વર્તન ખૂબ જ બેજવાબદાર છે. અમે સંસદમાં તેમનું આ લોકશાહી વિરોધી વર્તન સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. TMC સાંસદ કલ્યાણ બેનર્જીને આખા ચોમાસું સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કલ્યાણ વિરુદ્ધ આ કાર્યવાહી મહિલા સાંસદો વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ કરવામાં આવી હતી.

મે ૨૦૨૬માં, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખીને કલ્યાણ બેનર્જી વિરુદ્ધ ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. લોકસભામાં હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી ગુરુવાર સુધી સ્થગિત રાખવામાં આવી છે. જ્યારે રાજ્યસભાની કાર્યવાહી આજે બપોરે ૩ વાગ્યા સુધી સ્થગિત રહેશે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પહેલા રાજીનામું આપે પછી સદનમાં ચર્ચા થશે. પીએમ મોદી પહેલાં આ વાતનું આશ્વાસન આપે. સરકાર સદનમાં NEET પેપર લીક મામલે ચર્ચા કરવા તૈયાર છે. લોકસભામાં NEET પેપર લીક મુદ્દા પર વિસ્તૃત ચર્ચા માટે સરકાર તૈયાર થઈ ગઈ છે. આ પછી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંસદમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સાથે મુલાકાત કરી.

## CJPનું પ્રદર્શન ચાલુ : 16 મેટ્રો સ્ટેશન બંધ




# દિલ્હીમાં હાઈ એલર્ટ!



■ બંગાળથી 2 હજાર CRPF જવાનો દિલ્હી એરલિફ્ટ કરાયા

■ કોકરોચ પાર્ટીએ કહ્યું : સરકારને વાતચીત કરવી હોય તો જંતર-મંતર આવે



### પોલીસના મારથી ચૂવતી વેન્ટિલેટર પર

દેશભરમાંથી લોકો પ્રદર્શનકારીઓ માટે ખાવા-પીવાનું મોકલી રહ્યા છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીમાં CJP અને વિપક્ષના વિરોધ પ્રદર્શનો વચ્ચે સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે CRPFની ૨૦ વધારાની કંપનીઓને દિલ્હીમાં તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. એક CRPF કંપનીમાં લગભગ ૧૦૦ જવાનો હોય છે. ગૃહ મંત્રાલયના નિર્દેશ પર લગભગ ૨૦૦૦ જવાનોને પશ્ચિમ બંગાળના કોલકાતાથી એરલિફ્ટ કરીને લાવવામાં આવી રહ્યા છે. આ કંપનીઓને સંસદના ચોમાસુ સત્ર અને દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે તૈનાત કરવામાં આવશે. આ પહેલા પણ કેન્દ્ર સરકારે દિલ્હી પોલીસની મદદ માટે લગભગ 30 કંપનીઓ CRPF અ ને તેની રમખાણ વિરોધી એકમ RAF તૈનાત કરી છે. આ દળો ૨૦ જુલાઈથી શરૂ થયેલા સંસદના ચોમાસુ સત્ર અને CJPના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પહેલેથી જ સુરક્ષા વ્યવસ્થામાં લાગેલા છે.



### અમે FIRથી ડરવાના નથી : CJP

## કોકરોચ પાર્ટીના સાંસદ માર્ચ હિંસા કેસ 10 FIR

કોકરોચ જનતા પાર્ટીના જંતર-મંતર પર પ્રદર્શન વચ્ચે સરકારે બીજી વખત વાતચીતની ઓફર કરી છે. સીજેપી પ્રવક્તા આશુતોષ રાંકાએ તેની પુષ્ટિ કરી છે. રાંકાનું કહેવું છે કે કોર ટીમ સાથે ચર્ચા કર્યા પછી આ અંગે નિર્ણય લેવામાં આવશે. બીજી તરફ, સુરક્ષાના કારણોસર દિલ્હીના ૧૬ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યા છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રદર્શનનો આજે ૩૩મો દિવસ છે. અહીં બુધવારે સવારથી હજારો પ્રદર્શનકારીઓ એકઠા થયા છે. જેમાં ૨૦ જુલાઈના રોજ સંસદ માર્ચ દરમિયાન પોલીસની લાઠીઓ, ટિયર ગેસનો શિકાર થયેલા લોકો પણ પહોંચ્યા છે. અહીં દિલ્હી પોલીસે સંસદ માર્ચ દરમિયાન થયેલી હિંસા અંગે અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ૧૦ FIR નોંધી છે. પ્રદર્શનકારીઓ પર RAF જવાનો પર જીવલેણ હુમલો, પથ્થરમારો, તોડફોડ અને સરકારી કામમાં અવરોધ ઉભો કરવાના આરોપો છે.

## સરકાર ઘેરાઈઃ મણિપુરથી મોરબી સુધી આંદોલનનો સિલસિલો

# દેશ ઉકળે છે !

## ક્યાં મુદ્દે છે પ્રજાનો આક્રોશ



**CJP આંદોલન દિલ્હી**



**ખેડૂત આંદોલન પંજાબ-હરિયાણા**



**મણિપુર હિંસા**




**રામ મંદિર વિવાદ**



**મોરબીમાં ખેડૂત વિરોધ**



**મુખ્યમંત્રી જમીન કૌભાંડ મધ્યપ્રદેશ**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મોરબીના કોઈ ખેડૂત હોવ કે પછી અમદાવાદમાં સરકારી નોકરીની તૈયારી કરતો યુવાન, આ રાજકીય ગરમાવો સીધો તમારી જિંદગી સાથે જોડાયેલો છે. ખતરો એ છે કે જો સિસ્ટમ નહીં સુધરે તો તમારું ભવિષ્ય અને આજીવિકા અંધકારમય છે, પણ તક એ છે કે જનતા હવે ધાર્મિક અને ભાવનાત્મક મુદ્દાઓથી ઉપર ઊઠીને પોતાના હકની વાત ખુલ્લી રીતે કરતી થઈ ગઈ છે. આજે આપણે જે સાત મુદ્દા પર વાત કરીશું તે પણ ફટાફટ નોંધી લઈએ. દેશમાં આજે જે કંઈ પણ ચાલી રહ્યું છે તેના પર વરિષ્ઠ પત્રકારનું ઓબ્ઝર્વેશન છે કે, આ વાત આજે સોળ આની સાચી સાબિત થઈ રહી છે. અત્યાર સુધી સરકારને લાગતું હતું કે મોદીની 'ટેફલોન ઈમેજ' અને રાષ્ટ્રવાદ, ધર્મ અને જાતિના સહારે બધું જ પાર પડી જશે, પણ હવે લોકો રસ્તા પર ઉતરીને સીધો હિસાબ માંગી રહ્યા છે. આપણે આજે જે સાત મુદ્દાઓની એક પછી એક વાત કરીશું તે મુદ્દાઓ કયા છે પહેલા તે જાણી લો. ચાલો, સૌથી પહેલા એ મોરચાની વાત કરીએ જેણે દિલ્હીની ઊંઘ હરામ કરી દીધી છે. વિચારો, તમારા ઘરનો કોઈ દીકરો કે દીકરી ૨ વર્ષ સુધી રૂમમાં પુરાઈને રાત-દિવસ પરીક્ષાની તૈયારી કરે, અને પરીક્ષાના દિવસે જ ખબર પડે કે પેપર તો પહેલાથી વેચાઈ ગયું છે! આ પીડા દેશના ૭.૫ કરોડ યુવાનોએ સહન કરી છે. NEET અને UGC-NETમાં થયેલા મોટા પાયાના છબરડાઓ વચ્ચે મે ૨૦૨૬માં એક વિચિત્ર ઘટના બની. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી વખતે બેરોજગાર યુવાનો માટે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતે કટાક્ષમાં કોક્રોચ એટલે કે વંદા કહી દીધું. બસ, આ એક શબ્દે આગમાં ઘી હોમવાનું કામ કર્યું. અભિજીત દીપક નામના યુવાને કંટાળીને કોકરોચ જનતા પાર્ટી વિદેશની ધરતી પરથી શરૂઆત કરી અને જોતજોતામાં ૨.૨ કરોડ યુવાનો ઓનલાઈન આ ચળવળ સાથે જોડાઈ ગયા.બીજો મોટો ફટકો પંજાબ અને હરિયાણા બોર્ડર પરથી પડ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૪થી શરૂ થયેલું ખેડૂતોનું આંદોલન હજુ શાંત નથી પડ્યું. ખેડૂતોની મૂળ માંગ છે કે તમામ પાક પર મિનિમમ સપોર્ટ પ્રાઈસ એટલે કે MSPનો પાકો કાયદો બને. અમેરિકા અને ભારત વચ્ચે થયેલી ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની ડિલથી પણ ખેડૂતોને વાંધો છે. સરકાર સાથે ૪ વખત મીટિંગ થઈ, પણ સરકારે માત્ર ૩ પાક પર ૫ વર્ષ માટે જ MSP આપવાની વાત કરી. ખેડૂતોએ આને આંખમાં ધૂળ નાખવા સમાન ગણાવીને ફગાવી દીધી. વિચારો કે તમારા જ દેશના એક હિસ્સામાં છેલ્લા ૨૦ મહિનાથી બે પડોશી સમુદાયો એકબીજાના લોહીના તરસ્યા થઈ ગયા હોય અને સરકાર તેમને શાંત ન કરી શકે! મણિપુરમાં મે ૨૦૨૩થી મૈતેઈ અને કુકી-ઝો સમુદાય વચ્ચે જે હિંસા શરૂ થઈ તે હજુ પૂરેપૂરી શાંત નથી થઈ. આ માત્ર બે જૂથોની લડાઈ નથી, આ આંતરરાષ્ટ્રીય સ્તરે આપણી વ્યવસ્થાની નિષ્ફળતાનો પુરાવો બની ગઈ છે. મંદિરના ટ્રસ્ટ પર દાનના નાણાંમાંથી ગેરરીતિના આરોપો લાગ્યા, યુપી સરકારે તપાસ માટે ટીમ બનાવી અને કેટલાકની ધરપકડ પણ થઈ. વાત સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી. ખુદ નિર્મોહી અખાડાના સાધુઓએ જ સવાલ ઉઠાવ્યો કે આ ટ્રસ્ટ કોઈ 'પ્રાઈવેટ કંપની' ની જેમ કામ કરી રહ્યું છે, તેનું ઓડિટ થવું જોઈએ. શરૂઆતમાં તો સરકારે એવું પણ કહ્યું કે આ ટ્રસ્ટ RTI (માહિતી અધિકાર) હેઠળ આવતું જ નથી! દિલ્હી અને અયોધ્યા પછી હવે વાત કરીએ વડાપ્રધાનના પોતાના ગઢ એટલે કે ગુજરાતની. જ્યાં ભાજપ વર્ષોથી સૌથી વધુ મજબૂત છે, ત્યાં મોરબીમાં ખેડૂતો અદાણી પાવરની ટ્રાન્સમિશન લાઈનોનો ખુલ્લો વિરોધ કરી રહ્યા છે.




**E-20 ફ્યૂઅલ પોલીસી**

**ધર્મ, રાષ્ટ્રવાદ, જાતિ, આરક્ષણ જેવા મુદ્દા નહીં દેખાય હવે જોવા મળે છે માત્ર દેશ કોર ઈશ્યુઝ બેરોજગારી, મોંઘવારી, ખેતી, ભ્રષ્ટાચાર જેવા મુદ્દા હાવી થઈ રહ્યા છે**

## દિલ્હીના પ્રદર્શનના બેટી બચાવો કે બેટી પીટાઓનું નગ્ન સત્ય બહાર

# દેશની દીકરીઓ લોહીલુહાણ!











- જંતર-મંતર નિર્દોષ દિકરીઓ ઉપર પોલીસ લાઠીશાહીએ લોકશાહીનો ચહેરો ઉઘાડ્યો
- લોકશાહીનો મૂળ આધાર સંવાદ છે દમન નહીં તો અવાજોને લાઠીઓથી દબાવવામાં આવશે તો તે વધુ જોરથી ઉઠશે

## દિકરીઓ ઉપર પોલીસે જે બર્બરતાના વીડિયો હૃદય હચમચાવી દે એવા છે

દિલ્હીના જંતર-મંતર પર જે બન્યું, તે માત્ર એક લાઠીચાર્જ નહોતુંતે લોકશાહીના મુખ પર મારાયેલો ખુલ્લો તમાચો હતો. યુવાનોના અવાજને દબાવવા માટે જે રીતે પોલીસ તૂટી પડી, તે દ્રશ્યો દેશના ઈતિહાસમાં કાળા અધ્યાય તરીકે લખાશે. “બેટી બચાવો, બેટી પઢાવો”ના નારા આપનાર જ સિસ્ટમની સામે, દીકરીઓ પર વરસેલી લાઠીઓએ આ સૂત્રોની હકીકત બહાર પાડી દીધી.



જન કી બાત | અનિરૂદ્ધ નકુમ

વિડિયોમાં સ્પષ્ટ દેખાય છેબહેન-દિકરીઓને વીણી-વીણીને મારવામાં આવે છે, લાફાઓ પડે છે, લાકડીઓ પીઠ પર વરસે છે અને લોહી વહી રહ્યું છે. શું આ કાયદો છે? કે પછી ખુલ્લેઆમ દમન? જે દીકરીઓ પોતાના હક્ક માટે અવાજ ઉઠાવવા આવી હતી, તેઓને ગુનેગાર જેવી સજા આપવામાં આવીઆ દ્રશ્યો માત્ર ક્રોધ જ નહીં, પરંતુ શરમ પણ પેદા કરે છે.

હા, ભીડને કાબૂમાં લેવા માટે પોલીસને પગલાં લેવા પડેપણ શું એનો અર્થ એ થાય કે નિર્દોષ લોકોને દોડાવી-દોડાવીને અધમૂઆ કરી નાખવા? બે-ચાર લોકોના કારણે આખી ભીડને નિશાન બનાવવી, આ ન્યાય નહીં, આ સત્તાનો બેકાબૂ દુરુપયોગ છે. પોલીસનું વર્તન કાયદાના રક્ષક જેવું નહોતુંતે ભય અને બળજબરીનું પ્રતિક લાગતું હતું.

એક નાનું બાળક પણ લાઠીઓથી બચી શક્યું નહીંઆવો દ્રશ્ય કોઈપણ સંવેદનશીલ સમાજને હચમચાવી નાખે. વિદ્યાર્થીઓનો “ગુનો” શું હતો? તેઓ શા માટે રસ્તા પર આવ્યાઆ સવાલનો જવાબ શોધવાને બદલે, લાઠીઓથી તેમને ચૂપ કરવાના પ્રયાસ થયા. આ માત્ર પોલીસની ક્રૂરતા નથી, આ સમગ્ર સિસ્ટમની નિષ્ફળતા છે.

આ ઘટનાએ એક ખતરનાક સંદેશ આપ્યો છેકે હવે સંવાદ નહીં, દમન જ રસ્તો છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે, લાઠીઓથી અવાજ દબાવી શકાય, ખતમ નહીં. આજે જે યુવાનો ઘાયલ થયા છે, તેઓ કાલે બમણી તાકાતથી ઊભા રહેશે. ડરનો અંત આવી ગયો છે, અને આ ક્રોધ હવે ચિંગારી નહીં, અગ્નિ બની રહ્યો છે.

જો શાસનતંત્ર હજુ પણ નહીં જાગે, તો આ અગ્નિ ક્યાં સુધી ફેલાશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ નથી. લોકશાહી લાઠીઓથી નહીં, સાંભળવાની ક્ષમતા અને સંવાદથી જીવંત રહે છે. નહિંતર, જંતર-મંતર જેવા મેદાનો માત્ર પ્રદર્શનના નહીં, પરંતુ પ્રતિકારના કેન્દ્ર બની જશે.

### ડરપોક લોકો જ વિરોધ કરનારને જેલમાં નાખે છે

# ભાજપ હવે ડરી ગયેલી દેખાય છેઃ શક્તિસિંહ ગોહિલ

## મૂળભૂત અધિકારી બંધારણનો આત્મા છે સરકાર આત્માને તોડી રહી છે


તસવીરઃ અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દિલ્લીમાં જંતર મંતર ખાતે ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અંગે કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલ દ્વારા પત્રકાર પરિષદ યોજી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા.રાજ્યસભાના પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે, NEET પરીક્ષા આપનાર દેશના ૨૧ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે તેને શ્રધ્ધા સુમન અર્પણ કરું છું. દેશનું બંધારણ ભારતનું બંધારણ શ્રેષ્ઠ બંધારણ છે. નિશ્વાર્થ પણે જે બંધારણ બનાવ્યું એમાં મૂળભૂત અધિકાર મળેલા જે અધિકાર બંધારણનો આત્મા છે ભાજપ આત્માને તોડવાનો પ્રયાસ કરી રહ્યો છે. ધરણા અને રેલી દેખાવ અને અવાજ ઉઠાવવાનો દરેક નાગરિકને અધિકાર છે. ક્યારેય ન બની એવી ઘટના વારંવાર બને છે. કોંગ્રેસ કે અન્ય સરકારના શાસનમાં ગુજરાતના સચિવાલય નજીક ચ-૫ રોડ પર સરકાર વિરુધ્ધ જેને આંદોલન કરવું તેને ધરણા માટે જગ્યા આપવામાં આવતી હતી તેમાં પણ છાંયડો અને પાણી સરકાર વ્યવસ્થા કરી આપતી હતી. આજે ધરણા માટે પોલીસ પરવાનગી માંગે છે. દિલ્લીમાં શાંતિપૂર્ણ રેલી નીકળી કોઈ પાસે હથિયાર ન હતા માત્ર અહંકારના કારણે લાઠીચાર્જ કરવામાં આવ્યા. ૧૨ વર્ષની દીકરી પર લાઠીઓ મારી જીવન મરણ વચ્ચે જોલા ખાઈ છે. ભાજપની બર્બરતા કારણે ચુવાનો ભોગ બની રહ્યા છે. શાંતિપૂર્ણ માહોલ વચ્ચે જંતર મંતર ધરણા માટે વર્ષોથી આપવામાં આવ્યું છે હવે પોલીસ ખાલી કરો ખાલી કરોના સ્પીકર પર નારા લગાવે છે.

સરકાર ચર્ચા કરવા તૈયાર છે પરંતુ સભા મોકૂફ વગર. કોંગ્રેસ સમયમાં સભા મોકૂફ રાખીને ચર્ચા કરતી હતી. વિસ્તૃત ચર્ચા થાય એ જરૂરી છે. NEET પેપર લીક કારણે ૨૧ વિદ્યાર્થી આત્મહત્યા કરી છે. ભાજપ નેતાઓને કહેવા માંગુ છું કોંગ્રેસના શાસનમાં તમાંરા સબંધી કેટલા રૂપિયામાં ડોક્ટર થયા હતા.? નજીવી રકમમાં કોંગ્રેસના શાસનમાં ડોક્ટર થવાતું હતું. ઉત્તમ શિક્ષણ કોંગ્રેસ સરકારમાં મળતું આજે આ શિક્ષણ વ્યાપાર બની ગયું છે. સરકારી શાળા કોલેજ બંધ થઈ રહી છે. ઘરબાર ગીરવે મૂકી ભણાવવાની નોબત દેશના નાગરિકોને પડે છે. કોક્રોચ જનતા પાર્ટી વિશે જણાવ્યું કે, સરકાર અહંકારી બને ત્યારે લોકોમાં આક્રોશ જરૂર હોય છે. અનેક સમસ્યાથી દેશ ઘેરાયેલો છે. સોનમ વાંગચૂકએ જીવન જોખમે ઉપવાસ કર્યા. દેશના ચુવાનો ભવિષ્ય માટે એમને સરકારની વિરુધ્ધ આક્રોશ વ્યક્ત કર્યો માટે અમારી ફરજ છે કે અમારે તેમને સમર્થન આપવું જ પડે.


તસવીરઃ અક્ષય ગોંડલિયા

### જિલ્લા પંચાયત ચોકમાં

# ધર્મેન્દ્ર પ્રધાનના પ્રતિક મુખોટાને ઝાપટ મારી રોષ ઠાલવ્યો

## પોલીસે કોંગ્રેસ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત




### નયનાબા જાડેજાને પકડવા જતા મહિલા પોલીસ પડી ગયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દિલ્લીમાં રાહુલ ગાંધી સહિતના નેતાઓની અટકાયતના વિરોધમાં રાજકોટમાં જિલ્લા પંચાયત ચોક ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખની આગેવાની હેઠળ ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કેન્દ્ર સરકારની નીતિઓ અને કાર્યવાહી સામે રોષ વ્યક્ત કરવા મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો તેમજ કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ કેન્દ્ર સરકાર સામે ભારે નારેબાજી કરી હતી અને કેન્દ્રીય શિક્ષણમંત્રી તાત્કાલિક ધોરણે પોતાના પદ પરથી રાજીનામું આપે તેવી માંગ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. એટલું જ નહીં વિરોધને વધુ આક્રમક બનાવતા કોંગ્રેસના કાર્યકરોએ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના પ્રતિક મુખોટાને ઝાપટ મારીને પોતાના આક્રોશ ઠાલવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા સ્થળ પર તૈનાત પોલીસ કાફલાએ વિરોધ પ્રદર્શનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ભારે ખેંચતાણ અને તીવ્ર ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. જો કે અંતમાં પોલીસે ઘટનાસ્થળેથી જ કોંગ્રેસના મુખ્ય આગેવાનો અને 30થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ દિલ્લીમાં પોતાના હક્ક અને અધિકારો માટે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહેલા ચુવાનો પર કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જ અને લોકશાહી અવાજને દબાવવાના પ્રયાસોના વિરોધમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પંચાયત ચોક ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

### કોંગ્રેસે PMના નિવાસ સ્થાન બહાર પ્રદર્શનના વિરોધમાં

# ગુજરાત કોંગ્રેસ કાર્યાલયે ભાજપના ધરણાઃ કલાક સુધી સૂત્રોચ્ચાર કર્યા

## NEETની પરીક્ષા અગાઉ આત્મહત્યા કરનાર વિદ્યાર્થી કહાનના પિતા પણ કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યાઃ પ્રશાંત પટેલે કહ્યું હું દિલ્હી વિરોધમાં ગયો હતો







**સિટી ન્યૂઝ@અમદાવાદ**

NEET પેપર લીક મુદ્દે PM આવાસ બહાર ગઈકાલે રાહુલ ગાંધીના ધરણા બાદ કોંગ્રેસ આક્રમક છે. આજે ૨૨ જુલાઈએ વહેલી સવારે ૧૦ વાગ્યાની આસપાસ અમદાવાદમાં રાજીવ ગાંધી ભવને કોંગ્રેસે ધરણા યોજ્યા હતા. જે બાદ રેલી કાઢવામાં આવી. આ રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો પહોંચ્યા હતા. રાજીવ ગાંધી ભવનથી રેલી નીકળીને હજુ તો ચાર રસ્તા પાસે પહોંચે ત્યાં જ પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. રેલીમાં કોંગ્રેસના કાર્યકરો પોલીસની ગાડી પર ચઢી ગયા હતા. જેમને નીચે ઉતારવા પોલીસે પણ ગાડી પર ચઢવું પડ્યું. તો ધારાસભ્ય અમિત ચાવડા, ઈમરાન ખેડાવાલા સહિતના નેતાઓની અટકાયત કરવામાં પોલીસને પરસેવો છૂટ્યો હતો. ત્રણ બસ ભરીને કાર્યકર્તાઓની અટકાયત કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના ધરણા કાર્યક્રમમાં NEETની પરીક્ષા અગાઉ આત્મહત્યા કરનાર વિદ્યાર્થી કહાનના પિતા પ્રશાંત પટેલ પણ પહોંચ્યા હતા. પ્રશાંત પટેલે જણાવ્યું હતું કે મારા દીકરાએ પણ જીવ ગુમાવ્યો છે એટલે હું દિલ્હી વિરોધમાં ગયો હતો આજે અમદાવાદ આવ્યો છું. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન બહાર ગઈકાલે કરેલા પ્રદર્શનના વિરોધમાં ગુજરાત ભાજપે અમદાવાદમાં કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આજે બપોરે ૨ વાગ્યે ધરણાં પ્રદર્શનનું આયોજન કર્યું હતું જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા મોટી સંખ્યામાં કાર્યકરોને લઈને પહોંચ્યા હતા. તો અમિત ચાવડાએ કાર્યકરો સાથે કાર્યાલયની સીડી પર જ મોરચો સંભાળ્યો હતો. અંદાજિત એક કલાકના સૂત્રોચ્ચાર બાદ ભાજપના નેતાઓ પરત ફર્યા હતા. અમદાવાદ શહેર ભાજપ કાર્યાલય ખાતે યુદ્ધ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવનાર છે જેના પગલે શહેર ભાજપ કાર્યાલય ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચ સહિત સ્થાનિક પોલીસ અને જેસીપી, ડીસીપી તેમજ પીઆઈ સહિતનો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શહેર ભાજપ કાર્યાલય તરફ આવતા તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. સેક્ટર ૨ જેસીપી, ટ્રાફિક જેસીપી, ત્રણ ડીસીપી, બે એસીપી, ઝોન એલસીબીની ટીમો, બે ક્રાઈમ બ્રાન્ચની ટીમ સહિત ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.



## હવે આવે છે 100% કૌભાંડોની બૂ... RMC પાસે પારદર્શિતાનો અભાવ

# જનતાના પૈસાનો હિસાબ દેવાની મહાપાલિકાએ 'ના' પાડી દીધી !

## રાજકોટ બે વર્ષમાં કોર્પોરેશને કેટલા કરોડનું પાણી પીધું ? RTIમાં કહ્યું ગોપનિય માહિતી હોવાથી આપી નહીં શકાય : લુલો બચાવ




## કોંગ્રેસ આગેવાને માંગેલી RTIથી પર્દાફાશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૬માં આવેલ જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા મેગા ડિમોલિશન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન વિવિધ વિભાગો અને સમિતિઓ દ્વારા સુરક્ષા, મશીનરી, ભોજન અને અન્ય વ્યવસ્થાઓ માટે કુલ રૂ. ૨,૭૨,૯૨,૭૩૭નો જંગી ખર્ચ થયો હોવાની અધિકૃત વિગતો જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવી છે. જેમાં માત્ર પીવાના પાણી માટે રૂ. ૨૨.૯૨ લાખનો જંગી ખર્ચ કરાયો હોવાનું સામે આવ્યું છે. જે પેઢી પાસેથી આ પાણી ખરીદવામાં આવ્યું તેનો કોન્ટ્રાકટ છેલ્લા ૨ વર્ષ કરતા વધુ સમયથી ચાલતો હોય કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર દ્વારા છેલ્લા બે વર્ષમાં પાણી માટે કરેલા ખર્ચની વિગતો માંગતી RTI કરવામાં આવી હતી. જોકે મનપા તંત્રએ ગોપનીય માહિતી હોવાનું બહાનું આપીને આ વિગતો RTIમાં પણ છુપાવતા કોમલબેન ભારાઈએ કોર્ટમાં જવા તૈયારી દર્શાવી છે. મનપા દ્વારા માત્ર પીવાના પાણી માટે રૂ. ૨૨.૯૨ લાખનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં બજારમાં રૂ.૩નાં હોલસેલ ભાવે મળતી બોટલો રૂ. ૮માં ખરીદવામાં આવી હોવાનો ભાસ્કરે પર્દાફાશ કર્યો હતો. જેને લઈને કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર કોમલ ભારાઈ દ્વારા આ પાર્ટી પાસેથી છેલ્લા ૨ વર્ષમાં કેટલું પાણી આ ભાવે ખરીદવામાં આવ્યું તેની વિગતો માંગતી RTI પણ કરવામાં આવી હતી. જોકે તેમને પણ મનપા દ્વારા આ સવાલનો જવાબ આપવામાં આવ્યો નથી. અને સમગ્ર બાબત ગોપનીય હોવાનો લુલો બચાવ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના નેતા રણજીત મૂંધવાએ જણાવ્યું હતું કે, અમારા પૂર્વ કોર્પોરેટર કોમલ ભારાઈને જંગલેશ્વર ડિમોલિશનમાં કરવામાં આવેલો પાણીનો ખર્ચ ખૂબ વધુ લાગતા એક આરટીઆઇ કરાઈ હતી. જેમાં મુખ્યત્વે જંગલેશ્વરમાં પાણી સપ્લાય કરતી પેઢી ઉમિયાજી મંડપ દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ કેટલું પાણી મનપાને આપવામાં આવ્યું અને તેની કિંમત કેટલી છે તેવો સવાલ કરવામાં આવ્યો હતો. જોકે તંત્રએ આ ગોપનીય માહિતી હોવાથી તેની વિગતો આપી શકાય નહીં તેવો લુલો બચાવ કર્યો છે. આ બાબત સ્પષ્ટ દર્શાવે છે કે, મનપા અને આ પેઢીની વચ્ચે કોઈ સાંઠગાંઠ છે અને અત્યાર સુધીમાં લાખો પાણીની બોટલ મોંઘાદાટ ભાવે ખરીદી પ્રજાના કરોડો રૂપિયાનું પાણી કરવામાં આવ્યું છે. ત્યારે આ મામલે આગામી સમયમાં અપીલમાં અને આ પછી જરૂર પડે તો કોર્ટમાં જવાની પણ અમારી તૈયારી છે.



કોમલબેન હરેશભાઈ ભારાઈ
પૂર્વ. કોર્પોરેટર વોર્ડ નં.૧૫
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
મોબાઈલ : ૮૫૧૧૩ ૩૭૫૮૭

રાજકોટ મહાનગરપાલિકા
ડૉ. આંબેડકર ભવન,
ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧

તા. ૦૨/૦૭/૨૦૨૬

RTI

લેખિત માં માહિતી આપવવી (*)ઉમિયા મંડપ સર્વિસ ને રાજકોટ મહાનગરપાલિકામાં પીવાનું પાણીની બોટલ પુરૂ પાડવા નો કોન્ટ્રાક્ટ કઈ તારીખથી કઈ તારીખ સુધીનો આપવામાં આવ્યો છે

(*) ઉમિયા મંડપ સર્વિસ એ રાજકોટ મહાનગરપાલિકામાં પીવાનું પાણી ની બોટલ પુરૂ પાડવાનો કોન્ટ્રાક્ટ નું જ્યારે ટેન્ડર ભરવામાં આવ્યું ત્યારે બીજી કઈ કઈ કંપની અથવા એજન્સી એ એ સમયે ટેન્ડર ભરેલું અને બીજી કંપની અથવા એજન્સીએ કયા કયા ભાવથી ટેન્ડર ભરેલા એ કોપી સહીત માહિતી આપવી

(*) ઉમિયા મંડપ સર્વિસ ને રાજકોટ મહાનગરપાલિકા માં જ્યાર થી કોન્ટ્રાક્ટ આપવા માં આવ્યો ત્યાર થી અત્યાર સુધી માં કયા કયા પ્રકારની પીવાના પાણીની બોટલ મહાનગરપાલિકાને આપેલી અને કેટલા એમ એલ ની અત્યાર સુધી માં કેટલી બોટલ મહાનગરપાલિકાને આપેલી અને કયા ક્યાં ભાવથી આપેલી


(*) જ્યારથી ઉમિયા મંડપ સર્વિસ ને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પીવાના પાણી ની બોટલ નો કોન્ટ્રાક આપવામાં આવેલો છે ત્યારથી અત્યાર સુધીમાં સ્ટેન્ડિંગ કમિટીએ કેટલા બિલ ચૂકવેલા છે અને હાલમાં આ કંપનીના કેટલા બિલ પેન્ડિંગમાં છે એ તમામ વિગતો આપવી

(*)આ તમામ વિગત ની આંકડા કીય માહિતી આપવી.

લી.
ભારાઈ કોમલબેન

એડ્રેસ.
શિવધારા પાર્ક 2 શેરી નંબર 2 ખોખરદળ નદી ના પુલ પાસે નેશનલ હાઇવે કબ રોડ રાજકોટ

## 6 દિવસમાં RMCએ 22.92 લાખનું પાણી ગટગટાવી ગયા: બીજા પાણીના ખર્ચની વિગતો દેવાની ના પાડી



રાજકોટ મહાનગરપાલિકા




### રાજકોટ મહાપાલિકાની 50થી વધુ મહત્વની જગ્યાઓ ખાલી

# મહાપાલિકા 'રામ' ભરોસે !

## 19 જગ્યાઓ પર ઈન્ચાર્જ અધિકારીઓથી વહિવટ ચાલે છે

## જે જગ્યાનો જે-તે અધિકારીને સંપૂર્ણ ચાર્જ આપવામાં આવશે ત્યારે જ રાજકોટ વિકાસની વાટ પકડી શકશે

### કેટલી જગ્યાઓ ઉપર ઈન્ચાર્જથી ચાલે છે

ખાલી જગ્યાઓના કારણે હાલમાં વિવિધ વિભાગોમાં ૧૯ જગ્યાઓ પર ઈન્ચાર્જ અધિકારીઓથી કામ ચલાવવામાં આવી રહ્યું છે. વર્ગ-૧ ની ૧૭ જગ્યાઓ પર ઈન્ચાર્જ અધિકારીઓ મૂકવામાં આવ્યા છે, જેમાં ટાઉન પ્લાનિંગ ઓફિસર-૧, નાયબ મ્યુનિસિપલ કમિશનર-૧, સિટી ઈજનેર સ્પેશ્યલ-૨, એડિશનલ સિટી એન્જિનિયર (સિવિલ)-૨, એડિશનલ સિટી ઈજનેર (ઇલેક્ટ્રિક અને મિકેનિક)-૧, ડાયરેક્ટર આઈટી-૧, ચીફ ફાયર ઓફિસર-૧, ડાયરેક્ટર પે એન્ડ પાર્ક્સ-૧, પર્યાવરણ ઈજનેર-૧ અને આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર-૬ ની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ગ-૨ માં નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) ની ૧ અને ડેપ્યુટી ડાયરેક્ટર (આઈટી) ની ૧ જગ્યા પણ ઈન્ચાર્જથી ચલાવવામાં આવી રહી છે. ગંભીર બાબત તો એ છે કે ત્રણ અધિકારીઓ એવા છે જેમની પાસે એક કરતાં વધુ ચાર્જ સોંપાયેલા છે, જેમાં સિટી એન્જિનિયર સ્પેશ્યલની ૧ જગ્યા અને મેનેજરની ૨ જગ્યાઓનો સમાવેશ થાય છે.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનો વહિવટ લાંબા સમયથી ખાડે ગયો છે અને શહેરીજનોને પોતાના નાનાં-મોટા કામ માટે વારંવાર ધક્કા ખાવાનો વારો આવે છે. તાજેતરમાં યોજાયેલી જનરલ બોર્ડની બેઠકમાં વહિવટી તંત્ર દ્વારા એક એવો ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે મહાનગરપાલિકામાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ૫૦ થી વધુ અતિ મહત્વપૂર્ણ જગ્યાઓ ખાલી પડી છે. તેમજ કુલ ૧૯ જગ્યાઓ ઉપર હાલ ઈન્ચાર્જ અધિકારીથી ગાડું ગબડાવાઈ રહ્યું છે. વોર્ડ નં.- ૪નાં કોર્પોરેટર મનીષાબેન રોજાસરા દ્વારા જનરલ બોર્ડમાં અધિકારીઓની ઘટ અંગે માંગવામાં આવેલી વિગતોના આધારે આ સમગ્ર વાસ્તવિકતા સામે આવી છે. મંજૂર થયેલી જગ્યાઓ અને હાલમાં ભરાયેલી જગ્યાઓના આંકડાઓ જોતા મહાનગરપાલિકાનું વહિવટી માળખું કેટલું ખોખલું થઈ ગયું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

મહાનગરપાલિકા દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ, વર્ગ-૧ અને વર્ગ-૨ની કુલ ૧૮૪ મંજૂર થયેલી જગ્યાઓમાંથી હાલ માત્ર ૧૩૪ જગ્યાઓ જ ભરાયેલી છે, જ્યારે ૫૦ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ ની વાત કરવામાં આવે તો કુલ ૩૫ જગ્યાઓ મંજૂર થયેલી છે, જેમાંથી માત્ર ૧૦ જગ્યાઓ પર જ કાયમી અધિકારીઓ નિમાયેલા છે અને ૨૫ જગ્યાઓ ખાલી પડી છે. આવી જ રીતે વર્ગ-૨ માં કુલ ૧૪૯ જગ્યાઓ મંજૂર થયેલી છે, જેમાંથી ૧૨૪ જગ્યાઓ પર ભરતી થયેલી છે અને ૨૫ જગ્યાઓ ખાલી છે. કાયમી અધિકારીઓની આટલી મોટી સંખ્યામાં અછત હોવાને કારણે સમગ્ર વહિવટ પર તેની વિપરીત અસર પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ કુલ ૨૮ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી, જેમાં રાજકોટમાં અલગ-અલગ વિભાગમાં ફરજ બજાવતા ૨ અધિકારીઓની અન્યત્ર બદલી કરી દેવામાં આવી છે.


સિટી ન્યૂઝ Rajkot 02 | 15 JUNE 2026, MONDAY

ઈન્ચાર્જ રાજ = વિકાસનો વિનાશ ! શહેર ભોગવે છે ખામી

રાજકોટ મહાપાલિકા કાયમી અધિકારી નહીં; ઈન્ચાર્જથી શહેરનો વિધાસ રૂંધાયો !

■ 2027માં RMCમાં 25થી અનુભવી અધિકારીઓ નિવૃત થઈ રહ્યા છે

■ મનપામાં 'ટેમ્પરરી ચાર્જ' નવા શાસન સામે મોટો પડકાર

2027માં નવા પગાર પંચના અમલ બાદ અનેક અધિકારીઓ રાજીનામું આપવાનો પ્લાન તૈયાર છે ?

પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ ત્રણવાર રાજીનામું આપ્યું : નામંજૂર

ટોપ લિસ્ટની જગ્યાઓ ઈન્ચાર્જ કોણ છે


સિટી ન્યૂઝ Rajkot 00 | 29 MAY 2026, FRIDAY

વર્ષોથી કામ છતાં કાયમી નહીં, કર્મચારીઓ સાથે ખુલ્લો અન્યાય

રાજકોટ મહાપાલિકામાં ભરતી પર બ્રેક ! કોન્ટ્રાકટ માફિયાનું રાજ !

કોન્ટ્રાકટ કૌભાંડ ખુલાસો

સિયા, અજમેર જેવી કંપનીઓને મહાપાલિકાની અંદર મલાઈની મિલીભગત ?

આરોગ્ય શાખા, હિસાબી શાખા, આઈસીડીએસ શાખામાં સૌથી વધુ કોન્ટ્રાકટ બેઝની જગ્યા ખાલી

5 વર્ષથી પણ વધુ સમયથી કાયમી ભરતી થયેલ નથી !

હવે પ્રશ્ન એ ઊભો થયો છે કે ખાલી જગ્યાઓ ભરાશે ક્યારે? કોન્ટ્રાકટ પાછળનો સચ્ચાઈ બહાર આવશે? અને જવાબદાર સામે કાર્યવાહી થશે કે નહીં?

### IAS લોબીમાં રાજકોટની છાપ ખરાબ થઈ હોવાની ચર્ચા ?

રાજકોટના સિનિયર અધિકારીઓમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, રાજકોટમાં વિવિધ જટિલ પ્રશ્નો અને આંતરિક સમસ્યાઓ હોવાના કારણે કોઈ પણ આઈએએસ અધિકારી અહીં પોસ્ટિંગ લેવા તૈયાર થતા નથી. જે અધિકારીઓ હાલમાં અહીં ફરજ બજાવી રહ્યા છે તેઓ પણ વહેલી તકે અન્યત્ર બદલી કરાવીને જવામાં રસ દાખવી રહ્યા છે. આમ, સિવિલ સર્વિસની આઈએએસ લોબીમાં રાજકોટની છાપ ખરાબ થઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, જેની સીધી અસર શહેરના વિકાસ અને પ્રજાકીય કામો પર પડી રહી છે.


### રાજકોટ કામદાર યુનિયનના પારસ બેડિયાએ આખું કૌભાંડ ખુલ્લું પાડ્યું

# ડો.દિનેશ ચૌહાણે RMC કર્મચારીને બોગસ મેડિકલ સર્ટિફિકેટ કાઢી આપ્યું

### ફિટ સફાઈ કામદારોને અનફિટ દર્શાવી ખાનગી હોસ્પિટલ મારફત ચાલતું મેડિકલ કૌભાંડ બેનકાબ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં આજે શહેર માર્ગ સલામતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. પ્રત્યેક માનવ જિંદગી મહત્વની છે તેના પર ભાર મુકતા પોલીસ કમિશનરશ્રીએ હાઈવે પરના ગેપ ઈન મીડિયન તત્કાલ બંધ કરવા, વરસાદથી પડેલા ખાડાઓ બૂરવા સહિતની સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં માર્ગ સલામતિ, નિયમભંગ કરતા વાહનચાલકો સામે કાર્યવાહી, ગેરકાયદે મીડિયન કટ બંધ કરવા તેમજ ચોમાસા દરમિયાન રસ્તાની સ્થિતિ સુધારવા અંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.શહેરમાં ટ્રાફિક નિયમભંગ સામે થયેલી કાર્યવાહીની વિગતો રજૂ કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે, ૫૦થી વધુ ઈ-ચલણ પેન્ડિંગ હોય તેવા વાહનચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે કાર્યવાહી હાથ ધરાઈ છે. જે અંતર્ગત ૨૨૮ લોકોને નોટિસ જારી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ખરાઈ કરીને તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અનઅધિકૃત વ્હાઈટ એલ.ઈ.ડી. લાઈટ અંગે ૬૪૩ કેસ કરીને રૂ. ૬,૪૩,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે તથા ૩૬ લાઈટ વિક્રેતાઓને નોટિસ આપવામાં આવી છે. રાજકોટ શહેર ટ્રાફિક શાખા દ્વારા જૂન માસમાં વિશેષ ડ્રાઈવ યોજી, કાળા કાચવાળા વાહનો સંબંધિત


ચશ હોસ્પિટલ
Yash Hospital
Dr. Dinesh M. Chauhan
Dr. Jagruti D. Chauhan

DATE: 06-03-2026

CERTIFICATE

PATIENT NAME: SOLANKI HANSHABEN CHHAGANBHAI

AGE: 57 YEARS FEMALE

AADHAR NUMBER: 4287 1864 0559

I HERE BY CERTIFY THAT SOLANKI HANSHABEN CHHAGANBHAI WAS EXAMINED BY ME ON 06-03-2026 .SHE IS HAVING WALKING DIFFICULTY. SHE IS ALSO HAVING LUMBER CANAL STENOSIS WITH BOTH LOWER LIMB PAIN AND TINGLING NUMNESS. SHE IS NOT ABLE TO DO HARD WORK. SHE IS NOT ABLE TO STAND FOR LONG TIME.SHE IS HAVING CLAUDICATION BOTH LOWER LIMB. SHE IS HAVING L5 S1 LUMBER SPINE STENOSIS. SHE NEEDS MRI AND SURGERY FOR THE SAME.SHE IS HAVING GROSS OSTEOARTHRITIS KNEE.

DR.DINESH M CHAUHAN
M.S (ORTHO)






૧૫૮૬, નંબર પ્લેટ વિનાના વાહનો સંબંધિત ૧૦૪૨ મળીને કુલ ૨,૬૨૮ કેસો કરી, ૧૨ વાહનો ડિટેઈન કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે જુલાઈ માસમાં કાળા કાચ સંબંધિત ૫૧૭ કેસ તથા નંબર પ્લેટ વિનાના વાહનો સંબંધિત ૮૩૮ મળીને કુલ ૧૩૫૫ કેસો કરવામાં આવ્યા છે. આ તકે પોલીસ કમિશનરશ્રીએ આ પ્રકારની ડ્રાઈવ આગામી દિવસોમાં વધુ કડક રીતે ચાલુ રાખવા સૂચના આપી હતી. શહેરમાં ચાર રસ્તાઓ પર જ્યાં મોટા સર્કલો આવેલા છે, તેને રિ-ડિઝાઈન કરીને લેફ્ટ સાઈડ ખુલ્લી રહે તેવું આયોજન કરવા સૂચના આપી હતી. શહેરમાં રોડ રસ્તા પર ભિક્ષાવૃતિ કરીને ટ્રાફિકમાં અવરોધરૂપ થતા ૩૩ બાળકોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે. ઉપરાંત ૦૬ બાળકોને રેસ્ક્યૂ કરીને ચાઈલ્ડ વેલફેર કમિટી સમક્ષ રજૂ કરી બાલાશ્રમમાં મુકવામાં આવ્યા છે. આ તકે ચોમાસામાં હાઈવે તેમજ રોડ પર પડેલા ખાડાઓના કારણે અકસ્માતો સર્જાતા હોય છે ત્યારે આવા ખાડાઓ બૂરવા અંગે સૂચના આપવામાં આવી હતી. ટ્રાફિક શાખા દ્વારા કાર્યવાહીની વિગતો રજૂ કરાઈ હતી કે, વર્ષ ૨૦૨૬માં જાન્યુઆરીથી જૂન સુધીમાં ટ્રાફિક એન્ફોર્સમેન્ટની કામગીરી હેઠળ કુલ ૮૯,૯૬૨ કેસો નોંધી કુલ રૂ. ૩,૪૨,૭૭,૨૦૦નો દંડ એકત્ર કરવામાં આવ્યો છે. ૪૯,૪૬૫ ઈ-ચલણ જારી કરાયા છે. કાળા કાચ ધરાવતા વાહનો સામે ૩,૩૨૧ કેસ કરીને રૂ. ૧૬,૬૦,૫૦૦નો દંડ વસૂલ કરાયો છે. હેલ્મેટના કડક અમલીકરણ માટે યોજાયેલી વિશેષ ડ્રાઈવમાં ૧,૭૩૧ કેસ નોંધી રૂ. ૮,૬૫,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ગેરકાયદે પાર્કિંગ ડામવા માટે ક્રેઈન અને ટોઈંગ મારફતે ફોર-વ્હીલરના ૧૦,૦૬૪ કેસ કરીને રૂ. ૭૮,૬૭,૭૦૦ અને ટુ-વ્હીલરના ૬,૨૪૨ કેસ કરીને રૂ. ૪૧,૭૧,૬૦૦નો દંડ કરવામાં આવ્યો છે. જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન એસ.ટી. વિભાગ સાથે મળીને યોજાયેલી ૯ સંયુક્ત ડ્રાઈવમાં ૨૯૮ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા, જેમાં ૨૮૮ ફોર-વ્હીલર અને ૧૦ બસનો સમાવેશ થાય છે.ટ્રાફિક શાખા દ્વારા કાયદાકીય કડક કાર્યવાહીની સાથે જાગરૂકતા લાવવાના પણ પ્રયાસો કરાયા છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં વિવિધ શાળાઓ અને કોલેજોમાં ટ્રાફિક અવેરનેસના ૬૮ કાર્યક્રમો યોજીને ૮,૩૭૭થી વધુ લોકોને માર્ગ સલામતિ અંગે સમજ આપવામાં આવી છે.કોમ્પેન્સેશન ટુ વિક્ટિમ્સ ઓફ હિટ એન્ડ રન મોટર એક્સિડન્ટ્સ સ્કીમ, ૨૦૨૨' હેઠળ અકસ્માત પીડિતોને મદદરૂપ થવા ૫૯ કેસમાં ૬૧ લાભાર્થીઓને કુલ રૂ. ૮૬ લાખની વળતર સહાય મંજૂર કરવામાં આવી છે. આ બેઠકમાં અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, આર.ટી.ઓ. શ્રી આઈ.એસ. ટાંક તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઐતિહાસિક લાખાજીરાજ માર્કેટનું રીનોવેશન ફરી અટક્યું

# રાજકોટમાં રસ્તાના ખાડા બુરવા 'જેટ પેચર' મશીન વપરાશે!






## સ્ટેન્ડિંગ કમિટીમાં 108 કરોડના વિકાસકામો મંજૂર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે મળી હતી. જેમાં શહેરના વિકાસ, માળખાકીય સુવિધા અને ચોમાસા દરમિયાન નાગરિકોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ગંભીર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. અને ચાલુ વરસાદમાં 'જેટ પેચર' મશીનથી ખાડા બુરવા સહિતની રૂ. ૧૦૮ કરોડની ૧૭ દરખાસ્તોને મંજુર કરવામાં આવી હતી. જોકે ઐતિહાસિક લાખાજીરાજ શાકમાર્કેટનાં રીનોવેશનનો રૂ. ૫ કરોડનો ખર્ચ ખૂબ વધુ લાગતા આ દરખાસ્ત નામંજૂર કરી અધિકારીઓને ફરી ટેન્ડર કરી યોગ્ય ખર્ચની દરખાસ્ત કરવા આદેશ કરવામાં આવ્યો હતો.

સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું કે, વોર્ડ નં. ૭ માં આવેલ ઐતિહાસિક લાખાજીરાજ શાક માર્કેટના નવીનીકરણ અને રીનોવેશન માટેની રૂ. ૫ કરોડના ખર્ચની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જોકે, સંકલન દરમિયાન આ કામગીરીમાં અંદાજિત ખર્ચ ખૂબ જ વધારે જણાતો હતો. આથી નાણાકીય શિસ્ત અને યોગ્ય બજેટ સંચાલનને ધ્યાનમાં રાખીને હાલ આ દરખાસ્તને હાલ પૂરતી નામંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સાથે જ ચેરમેન પરેશ પીપળીયાએ સ્પષ્ટતા કરતા ઉમેર્યું હતું કે, લાખાજીરાજ શાક માર્કેટના રીનોવેશનનું કામ અત્યંત જરૂરી હોવાથી અધિકારીઓને તાત્કાલિક અસરથી કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. જે કામગીરી અત્યંત જરૂરી અને ફરજિયાત હોય, તેટલા જ ભાગનું નવું એસ્ટીમેટ (રી-એસ્ટીમેટ) તૈયાર કરીને બને તેટલી વહેલી તકે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ ફરીથી રજૂ કરવા જણાવવામાં આવ્યું છે, જેથી કરીને વેપારીઓ અને ગ્રાહકોને પડતી મુશ્કેલીઓનો વહેલી તકે ઉકેલ લાવી શકાય.




બીજી તરફ, ચોમાસાની ઋતુમાં શહેરમાં ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પડતા ખાડાઓની સમસ્યામાંથી નાગરિકોને રાહત આપવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨ વર્ષ સુધી ચોમાસા દરમિયાન રસ્તા પરના ખાડા બૂરવા અને રસ્તાઓની મરામત કરવા માટે 'જેટ પેચર' મશીન ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. આ માટે અંદાજે રૂ. ૪.૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

આ એજન્સી દ્વારા ૨ વર્ષ સુધી ચોમાસામાં જેટ પેચર મશીનથી ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવશે અને ભવિષ્યમાં તે ખાડામાં ફરીથી કોઈ ક્ષતિ ન સર્જાય તે અંગેની બાંહેધરી પણ એજન્સી પાસેથી લેવામાં આવી છે. ચોમાસામાં પરંપરાગત રીતે ડામર કામ શક્ય ન હોવાથી આ મશીનરી અત્યંત ઉપયોગી સાબિત થશે.

આ ઉપરાંત, વોર્ડ નંબર ૮ માં ડી.આઈ. પાઈપલાઈન નાખવા અંગેની મહત્વપૂર્ણ દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે. જોકે, ચોમાસાની ઋતુમાં ખોદકામ કરવાથી નાગરિકોને હાલાકી ન ભોગવવી પડે તે માટે આ કામગીરી ચોમાસું પૂર્ણ થયા બાદ જ કામ શરૂ કરવા માટે સંબંધિત અધિકારીઓ અને કામગીરી સોંપાયેલ એજન્સીને સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ સિવાય વોર્ડ નં. ૧૦માં પર્લ એવન્યુ મેઈન રોડ પર નવી અદ્યતન લાઈબ્રેરી બનાવવી, વોર્ડ નં. ૧૭માં રણછોડદાસ કોમ્યુનિટી હોલના પ્રથમ માળે લાઈબ્રેરી બનાવવી, વોર્ડ નં. ૯માં વોકળામાં રિટેઈનિંગ વોલ નિર્માણ કરવું, રેસકોર્ષ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે જર્જરીત ટોઈલેટ બ્લોક દૂર કરવા તેમજ વેરાવળ ખાતે સરકારી કાર્યક્રમ માટે મોકલાયેલ સફાઈ સ્ટાફના ખર્ચને મંજૂરી આપવા સહિતની દરખાસ્તો આજની બેઠકમાં મંજુર કરી દેવામાં આવી હતી.





**વાયરલ વીડિયોએ વધારી મુશ્કેલી; સુરતમાં હત્યાના પ્રયાસ કેસમાં આરોપીઓને જાહેર રસ્તામાં ફેરવી ઢોર માર માર્યો હતો**

# આરોપીને જાહેરમાં દંડા મારનાર DCP નકુમ સામે સસ્પેન્શનનો ખતરો!

## વકીલની રજૂઆત બાદ હાઈકોર્ટે સુઓમોટો લઈ કાર્યવાહી શરૂ કરી

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં હત્યાના પ્રયાસ કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓને ૧૩ જુલાઈએ જાહેર રસ્તા પર ફેરવી ઢોર માર મારનારા DCP રાજદીપસિંહ નકુમની મુશ્કેલીમાં વધારો થયો છે. આ ઘટનામાં સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈનનો ભંગ થતો હોય વકીલ ઉત્કર્ષ દવેએ ગુજરાત હાઈકોર્ટમાં સુઓમોટો લેવા માટે અરજી કરી હતી. જે અરજીનો સ્વીકાર કરી હાઈકોર્ટે કાર્યવાહી શરૂ કરી છે. સુરતના નાસીરનગર ડિમોલીશન સમયે પણ ડીસીપી નકુમની હાજરીને લઈ સવાલો ઉઠ્યા હતા.

આ સમગ્ર મામલાની બેકગ્રાઉન્ડની વાત કરીએ તો, સલાબતપુરાના ખૂનની કોશિશના કેસની તપાસ હાલ એસટીએસસી (ST/SC) સેલના એસીપી ચલાવી રહ્યા છે. આ દરમિયાન ઝોનના મૂળ ડીસીપી અમદાવાદ રથયાત્રાના બંદોબસ્તમાં હતા, જેથી ચાર્જ રાજદીપસિંહ નકુમને સોંપાયો હતો. ચાર્જ સંભાળતાની સાથે જ તેઓએ કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે સ્થળ પર એસોજી (SOG)ની ટીમને તેડાવી લીધી હતી. વીડિયો ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, એસોજીની ટીમ પણ સાહેબના પગલે ચાલીને આરોપીઓને જાહેરમાં નિર્દયતાથી માર મારતી નજરે પડી હતી.

હત્યાના પ્રયાસના ગુનામાં ઝડપાયેલા પાંચ આરોપીઓને સબક શીખવવાના નામે ડીસીપી રાજદીપ નકુમ ડીજીપી અને સુપ્રીમ કોર્ટના આદેશને જાણે ભૂલી ગયા હતા. આરોપીઓનું જાહેર રસ્તા પર સરઘસ કાઢ્યું હતું. આટલેથી ન અટકતા થોડે થોડે અંતરે આરોપીઓને ઉભા રાખી વાળ પકડી લાફા અને લાકડીઓ મારતા રહ્યા. આખા સરઘસ દરમિયાન ડીસીપીએ આરોપીઓ પર ૨૫થી વધુ લાકડીના ઘા કર્યા હતા. ગત ૧૫મી જુલાઈના રોજ ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ ઉત્કર્ષ દવે દ્વારા ચીફ જસ્ટિસને એક અત્યંત મહત્વપૂર્ણ પત્ર લખીને આ સમગ્ર મામલે હાઈકોર્ટ પોતે 'સુઓ મોટો' (Suo Motu) હાથ ધરે તેવી માગ કરવામાં આવી હતી. એડવોકેટ ઉત્કર્ષ દવેએ ચીફ જસ્ટિસ સમક્ષ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલું આવું બેફામ વર્તન એ કાયદાના શાસન અને આપણી બંધારણીય લોકશાહી પર એક કાળો ધબ્બો છે. જો આ ગંભીર આરોપો સાચા સાબિત થાયતો તે ભારતીય બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર) અને કલમ ૨૧ (જીવવાનો અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર)નું ઘોર ઉલ્લંઘન દર્શાવે છે. કાયદા મુજબ, કોઈપણ પોલીસ અધિકારી ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર કેમ ન હોય, પણ તેને અદાલતી ટ્રાયલ પૂર્ણ થાય તે પહેલાં કોઈપણ આરોપીને સજા કરવાનો કે જાહેરમાં અપમાનિત કરવાનો કોઈ જ કાનૂની અધિકાર નથી. ગુનાની તપાસ કરવાની સત્તા ક્યારેય પણ જાહેરમાં આવી ક્રૂર સજા આપવાના લાયસન્સમાં ફેરવાઈ શકે નહીં. ઉત્કર્ષ દવેની અરજી બાદ આ મામલે હાઈકોર્ટે 'સુઓમોટો' સંજ્ઞાન લઈ કાર્યવાહી શરૂ કરી દીધી છે. કાયદાના જાણકાર અને ઉચ્ચ હોદ્દા પર બેઠેલા અધિકારી દ્વારા જ અદાલતના આદેશોના ધજાગરા ઉડાવાતાં હવે IPS રાજદીપસિંહ નકુમની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા અનેક ઐતિહાસિક ચુકાદાઓમાં આરોપીઓની અટકાયત અને કસ્ટડી દરમિયાન તેમની સાથે કેવું વર્તન કરવું તે અંગે અત્યંત સ્પષ્ટ અને કડક ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવેલી છે.



IPS રાજદીપસિંહ નકુમ

## રાજકોટ પોલીસ કમિશનરના અધ્યક્ષસ્થાને શહેર માર્ગ સલામતિ સમિતિની બેઠક યોજાઈ

# શહેરમાં છ માસમાં ટ્રાફિક નિયમ ભંગના 89 હજારથી વધુ કેસો કરી રૂ.3.42 કરોડનો દંડ વસૂલાયો

### 50થી વધુ ઈ–ચલણ બાકી હોય તેવા 228 વાહનચાલકોને નોટિસ પાઠવાઈ, લાયસન્સ કેન્સલ કરવાની કાર્યવાહીઃ મોટા સર્કલો રિ–ડિઝાઈન કરી લેફ્ટ સાઈડ ખુલ્લી રાખવા સૂચના અપાઈ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં આજે શહેર માર્ગ સલામતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. પ્રત્યેક માનવ જિંદગી મહત્વની છે તેના પર ભાર મુકતા પોલીસ કમિશનરશ્રીએ હાઈવે પરના ગેપ ઈન મીડિયન તત્કાલ બંધ કરવા, વરસાદથી પડેલા ખાડાઓ બૂરવા સહિતની સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં માર્ગ સલામતિ, નિયમભંગ કરતા વાહનચાલકો સામે કાર્યવાહી, ગેરકાયદે મીડિયન કટ બંધ કરવા તેમજ ચોમાસા દરમિયાન રસ્તાની સ્થિતિ સુધારવા અંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.શહેરમાં ટ્રાફિક નિયમભંગ સામે થયેલી કાર્યવાહીની વિગતો રજૂ કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે, ૫૦થી વધુ ઈ-ચલણ પેન્ડિંગ હોય તેવા વાહનચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે કાર્યવાહી હાથ ધરાઈ છે. જે અંતર્ગત ૨૨૮ લોકોને નોટિસ જારી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ખરાઈ કરીને તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અનઅધિકૃત વ્હાઈટ એલ.ઈ.ડી. લાઈટ અંગે ૬૪૩ કેસ કરીને રૂ. ૬,૪૩,000નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે તથા ૩૬ લાઈટ વિક્રેતાઓને નોટિસ આપવામાં આવી છે. રાજકોટ શહેર ટ્રાફિક શાખા દ્વારા જૂન માસમાં વિશેષ ડ્રાઈવ યોજી, કાળા કાચવાળા વાહનો સંબંધિત ૧૫૮૬, નંબર પ્લેટ વિનાના વાહનો સંબંધિત ૧૦૪૨ મળીને કુલ ૨,૬૨૮ કેસો કરી, ૧૨ વાહનો ડિટેઈન કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે જુલાઈ માસમાં કાળા કાચ સંબંધિત ૫૧૭ કેસ તથા નંબર પ્લેટ વિનાના વાહનો સંબંધિત ૮૩૮ મળીને કુલ ૧૩૫૫ કેસો કરવામાં આવ્યા છે. આ તકે પોલીસ કમિશનરશ્રીએ આ પ્રકારની ડ્રાઈવ આગામી દિવસોમાં વધુ કડક રીતે ચાલુ રાખવા સૂચના આપી હતી. શહેરમાં ચાર રસ્તાઓ પર જ્યાં મોટા સર્કલો આવેલા છે, તેને રિ-ડિઝાઈન કરીને લેફ્ટ સાઈડ ખુલ્લી રહે તેવું આયોજન કરવા સૂચના આપી હતી. શહેરમાં રોડ રસ્તા પર ભિક્ષાવૃતિ કરીને ટ્રાફિકમાં અવરોધરૂપ થતા ૩૩ બાળકોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે. ઉપરાંત ૦૬ બાળકોને રેસ્ક્યૂ કરીને ચાઈલ્ડ વેલફેર કમિટી સમક્ષ રજૂ કરી બાલાશ્રમમાં મુકવામાં આવ્યા છે. આ તકે ચોમાસામાં હાઈવે તેમજ રોડ પર પડેલા ખાડાઓના કારણે અકસ્માતો સર્જાતા હોય છે ત્યારે આવા ખાડાઓ બૂરવા અંગે સૂચના આપવામાં આવી હતી. ટ્રાફિક શાખા દ્વારા કાર્યવાહીની વિગતો રજૂ કરાઈ હતી કે, વર્ષ ૨૦૨૬માં જાન્યુઆરીથી જૂન સુધીમાં ટ્રાફિક એન્ફોર્સમેન્ટની કામગીરી હેઠળ કુલ ૮૯,૯૬૨ કેસો નોંધી કુલ રૂ. ૩,૪૨,૭૭,૨૦૦નો દંડ એકત્ર કરવામાં આવ્યો છે. ૪૯,૪૬૫ ઈ-ચલણ જારી કરાયા છે. કાળા કાચ ધરાવતા વાહનો સામે ૩,૩૨૧ કેસ કરીને રૂ. ૧૬,૬૦,૫૦૦નો દંડ વસૂલ કરાયો છે. હેલ્મેટના કડક અમલીકરણ માટે યોજાયેલી વિશેષ ડ્રાઇવમાં ૧,૭૩૧ કેસ નોંધી રૂ. ૮,૬૫,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ગેરકાયદે પાર્કિંગ ડામવા માટે ક્રેઈન અને ટોઈંગ મારફતે ફોર-વ્હીલરના ૧૦,૦૬૪ કેસ કરીને રૂ. ૭૮,૬૭,૭૦૦ અને ટુ-વ્હીલરના ૬,૨૪૨ કેસ કરીને રૂ. ૪૧,૭૧,૬૦૦નો દંડ કરવામાં આવ્યો છે. જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન એસ.ટી. વિભાગ સાથે મળીને યોજાયેલી ૯ સંયુક્ત ડ્રાઈવમાં ૨૯૮ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા, જેમાં ૨૮૮ ફોર-વ્હીલર અને ૧૦ બસનો સમાવેશ થાય છે.ટ્રાફિક શાખા દ્વારા કાયદાકીય કડક કાર્યવાહીની સાથે જાગરૂકતા લાવવાના પણ પ્રયાસો કરાયા છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં વિવિધ શાળાઓ અને કોલેજોમાં ટ્રાફિક અવેરનેસના ૬૮ કાર્યક્રમો યોજીને ૮,૩૭૭થી વધુ લોકોને માર્ગ સલામતિ અંગે સમજ આપવામાં આવી છે.કોમ્પેન્સેશન ટુ વિક્ટિમ્સ ઓફ હિટ એન્ડ રન મોટર એક્સિડન્ટ્સ સ્કીમ, ૨૦૨૨’ હેઠળ અકસ્માત પીડિતોને મદદરૂપ થવા ૫૯ કેસમાં ૬૧ લાભાર્થીઓને કુલ રૂ. ૮૬ લાખની વળતર સહાય મંજૂર કરવામાં આવી છે. આ બેઠકમાં અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, આર.ટી.ઓ. શ્રી આઈ.એસ. ટાંક તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાજકોટના મોટા મવા વિસ્તારમાં ગંદકીના ગંજ

# હાઈ રાઈઝ બિલ્ડીંગો વચ્ચે કચરાનું ડમ્પિંગ સ્ટેશન

## કોસમોસ પ્રાઈડ, શાલીગ્રામ, પેન્ટાગોન અને તુલસી ઈમ્પિરિયા જેવા હાઈ રાઈઝ ફ્લેટ્સની મધ્યમાં નર્કાગાર સ્થિતિ : સ્થાનિકોમાં ભારે રોષઃ ''સ્માર્ટ સિટીના દાવાઓ પોકળ, મનપા તંત્ર ઘોર નિદ્રામાં''

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના 'સ્વચ્છ ભારત' અને 'સ્માર્ટ સિટી' ના મોટા મોટા દાવાઓની વાસ્તવિકતા પોશ વિસ્તારોમાં ખુલ્લી પડી રહી છે. શહેરના મોટા મવા વિસ્તાર (પિનકોડ-૩૬૦૦૦૫) માં સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા ફિલ્ડ માર્શલ રોડ પર ગંદકી અને કચરાના મોટા ઢગલાઓ જોવા મળી રહ્યા છે. આ કચરાના ગંજને કારણે સ્થાનિક રહીશોનું જીવવું હરામ થઈ ગયું છે અને વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની પૂરી દહેશત વર્તાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અને સ્થાનિકો દ્વારા શેર કરાયેલા ફોટોગ્રાફ્સ અનુસાર, ફિલ્ડ માર્શલ રોડ પર યશ બેન્ક અને ICICI બેન્કની બરાબર સામે આવેલા ખુલ્લા મેદાનને જાણે મનપાએ કે લોકોએ અઘોષિત કચરાપેટી (ડમ્પિંગ સ્ટેશન) બનાવી દીધું છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ કચરાના ઢગલાઓની ચારે બાજુ આધુનિક અને મોટા હાઈ રાઈઝ રહેણાંક ફ્લેટ્સ આવેલા છે. આસપાસમાં કોસમોસ પ્રાઈડ, શાલીગ્રામ ફ્લેટ્સ, પેન્ટાગોન ફ્લેટ્સ અને તુલસી ઈમ્પિરિયા ફ્લેટ્સ આવેલા છે, જ્યાં સેંકડો પરિવારો વસવાટ કરે છે.

આટલી મોટી વસ્તીની વચ્ચે ખુલ્લામાં પડેલા કચરા અને સડતી ગંદકીના કારણે સતત માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ફેલાયેલી રહે છે. ખાસ કરીને ચોમાસાના સમયમાં આ કચરામાં પાણી ભરાવાથી મચ્છરો અને માખીઓનો ભારે ઉપદ્રવ શરૂ થઈ ગયો છે. ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા જીવલેણ રોગો ફેલાવવાનો સીધો ખતરો સ્થાનિક બાળકો અને વૃદ્ધો પર તોળાઈ રહ્યો છે. કરોડો રૂપિયાના ફ્લેટમાં રહેવા છતાં લોકોને આવી ગંદકી વચ્ચે નર્ક સમાન જીવન જીવવું પડી રહ્યું છે.










### કોસમોસ પ્રાઈડના પ્રમુખે ઉઠાવ્યો અવાજ

આ અસહ્ય સ્થિતિ સામે કોસમોસ પ્રાઈડ ફ્લેટના પ્રમુખ (મો. ૯૬૬૨૭૮૫૭૫૭) એ જાગૃત નાગરિક તરીકે અવાજ ઉઠાવ્યો છે અને મનપા તંત્રનું ધ્યાન દોરવા પ્રયાસ કર્યો છે. સ્થાનિક રહીશોમાં મનપાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનો સવાલ છે કે, "શું મનપા માત્ર ટેક્સ ઉઘરાવવાનું જ કામ કરે છે? પાયાની સફાઈ સુવિધા આપવાની જવાબદારી કોની?" સ્થાનિક જાગૃત નાગરિકોએ ઉગ્ર માંગ કરી છે કે મહાનગરપાલિકાનું તંત્ર તાત્કાલિક ઘોર નિદ્રામાંથી જાગે અને આ ખુલ્લા મેદાનમાંથી કચરાના ઢગલાઓનો કાયમી નિકાલ કરે. જો વહેલી તકે અહીં દવાનો છંટકાવ અને સફાઈ કરવામાં નહીં આવે, તો આસપાસના તમામ ફ્લેટ્સના રહીશો એકજૂટ થઈને મનપા કચેરીએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# ॥ ૐ શાંતિ ॥



"જે આવે છે તે એક દિવસ વિદાય લે છે, પરંતુ તેમની પવિત્ર યાદો હંમેશા હૃદયમાં અમર રહે છે."

## સ્વ. રાજેશભાઈ ભગવાનજીભાઈ પરમાર (ઉ.વ. 64)

અત્યંત દુખ સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય વડીલ
સ્વ. રાજેશભાઈ ભગવાનજીભાઈ પરમાર (ઉ.વ. 64) નું
તા. 19/7/2026ને રવિવારના રોજ દુખદ અવસાન થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના

### બેસણું તથા સાદડી

તારીખ : 23/7/2026ના રોજ સાંજે 4 થી 6 કલાકે
આઈ શ્રી કુવાવાળી ખોડિયાર મંદિર, લક્ષ્મીવાડી
ક્વાર્ટર પાસે, રાજકોટ ખાતે રાખેલ છે

લી.

- દિપકભાઈ ભગવાનજીભાઈ પરમાર (નાના ભાઈ)
- ભાવિનભાઈ પરમાર (પુત્ર)
- કાજલબેન પરમાર (પુત્રી)
- ભુમિક પરમાર (ભત્રીજો)
- પિયુશ રાજેશભાઈ રંગાણી (જમાઈ)
- દિવ્યેશભાઈ જગદીશભાઈ વાછાણી (જમાઈ)

સમસ્ત પરમાર પરિવારના જય માતાજી

# કામ ના છે સમાચાર

### રાજ્ય સરકારનો મહત્વનો ઠરાવ

## 1141 શાળાઓમાં PT શિક્ષકોની ભરતીની જાહેરાત



## માપદંડ નક્કી કરવા 28 જૂલાઈના રોજ મહત્વની બેઠક

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં રમતગમત અને શારીરિક શિક્ષણને વેગ આપવા માટે એક અત્યંત મહત્વનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ નવા નિર્ણય મુજબ રાજ્યની ૧,૧૪૧ જેટલી શાળાઓમાં વ્યાયામ શિક્ષકો (પીટી ટીચર્સ) ની સીધી ભરતી કરવામાં આવશે. લાંબા સમયથી શાળાઓમાં રમતગમતના શિક્ષકોની જગ્યાઓ ખાલી હોવાના કારણે વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ અને રમતગમતની પ્રવૃત્તિઓ પર અસર પડી રહી હતી, જેને ધ્યાને રાખીને સરકારે આ મહત્વકાંક્ષી પગલું ભર્યું છે.

વ્યાયામ શિક્ષકોની આ ભરતી પ્રક્રિયા પારદર્શક અને ગુણવત્તાસભર રહે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. શિક્ષકોની શૈક્ષણિક અને શારીરિક લાયકાતના ચોક્કસ માપદંડો શું રાખવા તે અંગે વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતો વચ્ચે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. રમતગમત ક્ષેત્રે યોગ્ય કૌશલ્ય અને પૂરતી લાયકાત ધરાવતા ઉમેદવારો જ આ ભરતીમાં પસંદ થાય તે પ્રકારે નીતિ-નિયમો ઘડવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

ભરતી માટેના તમામ માપદંડો અને શરતોને આખરી ઓપ આપવા માટે આગામી ૨૮ જુલાઈના રોજ એક ખાસ ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહીને લાયકાતના ધોરણો નક્કી કરશે. ૨૮ જુલાઈની બેઠક બાદ ભરતી પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત અને અરજી પ્રક્રિયા અંગેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે, જેને પગલે વ્યાયામ ક્ષેત્રે કરિયર બનાવવા માંગતા હજારો બેરોજગાર ઉમેદવારોમાં આશાનું કિરણ જાગ્યું છે.



### 20 ઓગષ્ટ સુધીમાં અરજી કરી શકાશે

## આર્મીમાં શોર્ટ સર્વિસ કમિશન નોન ટેક્નિકલ 70 જગ્યાની ભરતીની જાહેરાત

### ગ્રેજ્યુએશનની પદવી મેળવનાર એનસીસી સી સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવારોને ચેન્નાઈમાં તાલીમ અપાશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આર્મીમાં એનસીસી સ્પેશિયલ એન્ટ્રી સ્કી મ શોર્ટ સર્વિસ કમિશન (નોન ટેકનિકલ) ૭૦ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરાઈ છે. ઉમેદવારો ૨૦ ઓગસ્ટ સુધીમાં અરજી કરી શકશે.

ગ્રેજ્યુએશનની પદવી મેળવનાર, એનસીસી સી સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવારોને ચેન્નઈમાં તાલીમ અપાશે. ઉમેદવારોને પ્રતિમાસ ૫૬,૧૦૦ સ્ટાઈપેન્ડ મળશે.

**ઉમેદવારોને દર મહિને 56,100 સ્ટાઈપેન્ડ મળશે**

ગ્રેજ્યુએશન સાથે એનસીસી સી સર્ટિફિકેટ જરૂરીઃ ઉમેદવાર માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ હોવો જરૂરી છે. એનસીસી સિનિયર ડિવિઝન વિંગમાં સેવા સાથે સી સર્ટીફિકેટમાં ઓછામાં ઓછો બી ગ્રેડ હોવો જરૂરી છે.

વયઃ પહેલી જાન્યુઆરી,૨૦૨૭ના રોજ ઉમેદવારની ઉંમર ૧૯મીથી ૨૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ.

ઉમેદવાર અપરિણીત હોવો જોઈએ.

ઈન્ટરવ્યૂ બાદ મેરિટના આધારે પસંદગી થશેઃ ઉમેદવારોની આવેલી અરજીઓની ચકાસણી કરીને તેમને ઈન્ટરવ્યુ માટે બોલાવાશે. તે પછીથી મેડિકલ પરીક્ષણ અને મેરિટના આધારે અંતિમ પસંદગી કરાશે.

ઓનલાઈન અરજી માટે વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરવું. ઉમેદવારોએ www.joinindianarmy.nic.in પર જઈ Officer Entry Application/Loginમાં રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યાર બાદ NCC Special Entry Course માટે અરજી કરી જરૂરી વિગતો ભરવાની રહેશે.

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : નવસારીમાં શાળા–કોલેજોમાં રજા જાહેર

# વરસાદનું રેડ એલર્ટ; કપરડામાં 18 ઈંચ



## વલસાડમાં 12 ઈંચ, નવસારીમાં 11 ઈંચ વરસાદ : કાર તણાઈ

### સુરતમાં ભેદવાડ ખાડી ભયજનક સપાટીએ પાણી ભરાયા

**રાજ્યનો વરસાદ**

| તાલુકો | વરસાદ (ઈંચ) |
|---|---|
| વલસાડ | 3.82 |
| પલસાણા | 3.7 |
| મહુવા | 2.99 |
| ચીખલી | 2.95 |
| વ્યારા | 2.91 |
| ખેરગામ | 2.76 |
| ઉમરગામ | 2.76 |
| ગણદેવી | 2.72 |
| પારડી | 2.64 |
| વાલોડ | 2.6 |
| અંબિકા | 2.56 |
| ઉમરપાડા | 1.97 |
| નવસારી | 1.97 |
| જલાલપોર | 1.97 |
| કપરાડા | 1.93 |
| ઉકાઈ | 1.93 |
| સોનગઢ | 1.89 |
| નાનાપોંઢા | 1.73 |
| મોરબી | 1.57 |
| બારડોલી | 1.42 |
| ધરમપુર | 1.42 |
| વાંસદા | 1.38 |
| વાપી | 1.38 |
| ડોલવણ | 1.38 |

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આજે ૨૨ જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૯૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી વધુ ૬ ઈંચ વલસાડમાં અને સુરતના પલસાણામાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.

સુરતની ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ અને ઠેર ઠેર શહેરમાં પાણી ભરાયા છે અને સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે નવસારીની ચીખલીમાં કાવેરી નદી બે કાંઠે વહેવા લાગી છે.

છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં ૧૭૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં કપરાડામાં ૧૬ ઈંચ તેમજ વલસાડના નાનાપોંઢામાં ૧૧ અને ચીખલી અને વાંસદામાં ૧૦ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાતાં ચારેતરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને ત્યારબાદ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ધોધમાર વરસાદને કારણે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો અને રહેણાંક સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ખાસ કરીને વ્યારાના કાનપુરા ગામમાં આવેલી 'ઓમ રેસિડેન્સી'માં છેલ્લા ત્રણ દિવસથી પાણી ભરાયેલા રહેતા સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે અંબિકા અને કાવેરી નદીઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. નદીઓમાં પાણીની આવક વધતાં ભાઠા ગામનું ઘોલ ફળિયું સંપૂર્ણપણે સંપર્ક વિહોણું બન્યું છે.

## આસામમાં પૂરથી 5.64 લાખ લોકો પ્રભાવિત



### હિમાચલના 3 જિલ્લામાં શાળા–કોલેજ બંધ

### કાશ્મીરમાં પૂર, એક વ્યક્તિ તણાયો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના બડગામ જિલ્લાના બીરવાહ અને ખાગ વિસ્તારોમાં ભારે વરસાદ બાદ અચાનક આવેલા પૂરના કારણે એક વ્યક્તિ તણાઈ ગયો હતો. ઘટના બાદ SDRF, પોલીસ અને અન્ય સુરક્ષા દળોએ સ્થળ પર રાહત અને બચાવ અભિયાન શરૂ કર્યું. હવામાન વિભાગ દ્વારા કાશ્મીરમાં સોમવારથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આસામમાં સતત વરસાદને કારણે પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. છેલ્લા ૨૪ કલાકમાં પૂરના કારણે ૨૧ લોકોના મોત થયા છે. રાજ્યના ૧૬ જિલ્લાઓમાં ૫.૬૪ લાખથી વધુ લોકો પ્રભાવિત છે. વહીવટીતંત્ર દ્વારા ઘણા વિસ્તારોમાં રાહત અને બચાવ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. હિમાચલ પ્રદેશમાં સતત ભારે વરસાદને કારણે બુધવાર માટે મંડી, કાંગડા અને સિરમૌર જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજો બંધ કરી દેવામાં આવી છે. રાજ્યમાં સતત ભારે

### કેદારનાથમાં યાત્રા રોકવામાં આવી

વરસાદને કારણે અત્યાર સુધીમાં ૬૬ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડની કેદાર ઘાટીમાં મોડી રાત્રે થયેલા ભારે વરસાદ બાદ ગૌરીકુંડથી લગભગ એક કિલોમીટર આગળ છૌડી નજીક લેન્ડસ્લાઇડ થવાથી કેદારનાથ પગપાળા માર્ગ બંધ થઈ ગયો છે. રુદ્રપ્રયાગ જિલ્લા વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે યાત્રા પર અસ્થાયી રોક લગાવી દીધી છે. જમ્મુ-કાશ્મીરના રિયાસી અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ બાદ સલાલ ડેમના તમામ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. વહીવટીતંત્રે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. આસામના ૧૬ જિલ્લાના ૫.૬૪ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. સૌથી વધુ અસર શિવસાગર જિલ્લામાં છે, જ્યાં ૩.૫૯ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. શિવસાગરના પૂર પ્રભાવિત વિસ્તારોમાં હેલિકોપ્ટર દ્વારા રાહત સામગ્રી પહોંચાડવામાં આવી રહી છે.

# સબંધો શરમાયા; પરિવારમાં જ હત્યા

### પંજાબના ફરીદાકોટની ઘટના

## દિકરીએ લવ મેરેજ કરતા માતા-પિતાએ ગળું કાપી નાંખ્યું



### માતા પિતાની મરજી વિરુધ્ધ લગ્ન કર્યા હતા: મળવાને બદલે બોલાવીને પતાવી દીધી

**સિટી ન્યૂઝ@અમૃતસર**

પંજાબના ફરીદકોટમાં પોતાના જ ગામના છોકરા સાથે લવમેરેજ કરવા બદલ ૨૦ વર્ષની યુવતીની હત્યા કરી દેવામાં આવી. યુવતીના પરિવારે યુવતીને તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરીને ગળું કાપીને મારી નાખી. ત્યારબાદ તેના મૃતદેહને ખેતરમાં ફેંકી દીધો. મંગળવારે સવારે તેનો મૃતદેહ ખેતરોમાં કાંટાળી વાડ પાસે પડેલો મળ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે લગભગ અઢી મહિના પહેલા જ યુવતીએ લવમેરેજ કર્યા હતા. ત્યારબાદ તે છોકરા સાથે ગામ છોડીને બઠિંડા જતી રહી હતી અને ત્યાં જ રહેવા લાગી હતી. સોમવારે યુવતીના પરિવારે બંનેને મળવાના બહાને બોલાવ્યા હતા. આ જ તક જોઈને પરિવારે યુવતીને પતાવી દીધી. જ્યારે, છોકરો જેમતેમ કરીને ભાગવામાં સફળ રહ્યો. પોલીસે ઓનર કિલિંગના આ કેસમાં યુવતીના પરિવારજનો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જોકે, હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી. મૃત યુવતીની ઓળખ મહેકપ્રીત કૌર તરીકે થઈ છે. તે ફરીદકોટના બુર્જ હરિકા ગામની રહેવાસી હતી. તેનો મૃતદેહ કોટકપુરા નજીક અમૃતસર-બઠિંડા નેશનલ હાઈવેના કિનારે આવેલા ખેતરોમાંથી મળી આવ્યો છે.



### યુપીના ગાઝિયાબાદની ચોંકાવનારી ઘટના

## માતા-પિતાએ બે પુત્રોને ઠપકો આપતા પુત્રોએ બંનેને મારી નાંખ્યા

### દારૂડિયા પુત્રો કોઈ કામધંધો કરતા ન હતા

**સિટી ન્યૂઝ@ગાઝિયાબાદ**

યુપીના ગાઝિયાબાદમાં ૨ પુત્રોએ માતા અને પિતાને માર મારીને હત્યા કરી દીધી. સોમવારે રાત્રે ૧૧ વાગ્યે બંને પુત્રો ઝઘડી રહ્યા હતા. માતા-પિતાએ તેમને ઠપકો આપ્યો તો તેઓ ભડકી ઉઠ્યા. ગુસ્સામાં માતા-પિતાને લાત-મુક્કા માર્યા, પછી લાકડી વડે ઉપરાછાપરી હુમલા કરીને પતાવી દીધા. ચીસો સાંભળીને ભાડુઆતે પોલીસ બોલાવી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બંને પુત્રોને કસ્ટડીમાં લીધા. માતા-પિતાને હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા. ઘટના ક્રોસિંગ રિપબ્લિક પોલીસ સ્ટેશન વિસ્તારની છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગંગાશરણ (૫૫) અને તેમની પત્ની વિમલેશ (૫૦) વીર નગરમાં ૨ માળના મકાનમાં રહેતા હતા. તેઓ ડેરી ચલાવતા હતા. તેમને ૪ બાળકો - બે દીકરા અને બે દીકરીઓ છે. ચારેયના લગ્ન થઈ ચૂક્યા છે. ગંગાશરણે પહેલો માળ ભાડે આપ્યો હતો. પત્ની, લલિત (૨૭) અને દીપક (૨૫) સાથે ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા હતા. લલિત અને દીપક દારૂના વ્યસની હતા. કોઈ કામધંધો કરતા ન હતા. અવારનવાર નશામાં પત્નીઓ સાથે મારપીટ કરતા હતા.

## સસરાએ જમાઈ સાથે દારૂ પી ચિકન ખાધુ પછી સસરાએ ગમછાથી ગળું દબાવી હત્યા કરી



**સિટી ન્યૂઝ@ભોપાલ**

મધ્ય પ્રદેશના બાલાઘાટમાં ૧૪ જુલાઈએ પોલીસને કોપે અને ડોંગરિયાનાં જંગલોની વચ્ચેથી એક શબ મળ્યું હતું. એની ઓળખ ૪૦ વર્ષના રાજેન્દ્ર શરણાગત તરીકે થઈ હતી. આ ઘટના પછી આખા વિસ્તારમાં સન્નાટો મચ્યો હતો કે આ ભાઈનું શબ જંગલ પાસે પહોંચ્યું કઈ રીતે? પોલીસે પાંચ દિવસમાં ૨૩ લોકોની પૂછપરછ કરીને આ હત્યાની ગુત્થી સુલઝાવી દીધી. તપાસમાં સામે આવ્યું હતું કે રાજેન્દ્રની હત્યા તેના જ સસરા રાજેશ ચૌહાણે કરી હતી. રાજેશે તેના દોસ્ત સાથે મળીને જમાઈની હત્યા પાર પાડી હતી. રાજેશે જમાઈને દારૂ પાર્ટી માટે ગામના સીમાડે બોલાવ્યો હતો. એ માટેના પૈસા પણ જમાઈ જ લઈને આવ્યો હતો. રાતના અંધારામાં રાજેશે જમાઈ સાથે દારૂ પીધો હતો અને પછી ચિકન શેકીને ખાધું હતું. એ પછી દારૂના નશામાં ટલ્લી થયેલા જમાઈનું ગમછાથી ગળું રૂંધીને તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.

### ફોરેસ્ટ કર્મચારીઓને માર મારવાના કેસમાં 7 વર્ષની સજા પડી હતી

# ધારાસભ્ય ચૈતર વસાવાની પત્ની સહિત 5 દોષિતોને હાઈકોર્ટે જામીન આપ્યા

## હાઈકોર્ટે કહ્યું તેઓ મુખ્ય આરોપી નહીં અને તેના દ્વારા કોઈને ઈજા નહીં

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

આપના નેતા અને નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના આરોપીઓ સામે નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર કરવાનો ગુનો નોંધાયો હતો. નર્મદાની કોર્ટે આ કેસમાં ચુકાદો આપતા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત ૯ આરોપીને ૦૭ વર્ષની કેદની સજા ફટકારી હતી. આ કેસમાં ચૈતર વસાવાની પત્ની શકુંતલા વસાવા સહિત કેટલાક દોષિતોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેને લઈ હાઈકોર્ટે આજે શકુંતલા વસાવા સહિત ૫ દોષિતને જામીન આપ્યા છે.અગાઉ આ જ કેસમાં નર્મદા કોર્ટના ચુકાદા પહેલાની જામીન અરજીઓમાં રજૂઆત કરાઈ હતી કે, વર્ષ ૨૦૨૩માં જંગલમાં કેટલીક જગ્યા ખાલી હતી. જ્યાં ગામડામાં રહેતા લોકોએ કપાસનું વાવેતર કર્યું હતું. જંગલના અધિકારીઓએ તે જગ્યાને ખાલી કરાવી સામાન ખુલ્લા બજારમાં વેચી માર્યો હતો. આથી ગામડાના લોકોએ વળતરની માંગ સાથે ચૈતર વસાવાનો સંપર્ક કર્યો હતો. જેથી ચૈતર વસાવાએ જંગલના અધિકારીઓ સાથે મિટિંગ રાખી હતી. જેમાં જંગલના અધિકારીઓ વળતર આપવા સંમત થતા વિવાદનો અંત આવ્યો હતો. પરંતુ બાદમાં જંગલખાતાના ઉચ્ચ અધિકારીના કહેવાથી પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.ધારાસભ્ય ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવા સહિત કેટલાક દોષીતોએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ અને જામીન અરજી દાખલ કરી હતી. જે સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં શકુંતલા વસાવા સહિત ૫ આરોપીની જામીન અરજી ઉપર વિગતવાર સુનાવણી યોજાઈ હતી. ગુજરાત હાઈકોર્ટે આજે જામીન અરજી ઉપર ચુકાદો જાહેર કરતા ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવા, રમેશ વસાવા, મરિયમ



વસાવા, બલિરામ વસાવા, મોગરાબેન વસાવાને જામીન આપ્યા છે. કોર્ટે નોંધ્યું છે કે, આ ઘટનામાં તેઓ મુખ્ય આરોપી નથી કે તેઓએ કોઈને ઈજા પહોંચાડી નથી.ધારાસભ્યે વન વિભાગના અધિકારીઓને ધમકી આપી ૬૦ હજારનું વળતર માંગ્યું હતું. એટલું જ નહીં ધારાસભ્યએ હાથપગ તોડવાની ધમકી આપીને, ગાળો આપી હતી. તેમજ પોતાના બની રહેલા ઘરમાંથી એક વ્યક્તિને રિવોલ્વર લાવવા કહ્યું હતું બાદમાં એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યું હતું. વન વિભાગના કર્મચારીઓને માર મારીને ધમકી આપતા કર્મચારીઓએ પોતાના એકાઉન્ટમાંથી ATM દ્વારા રકમ ઉપાડીને ખેડૂતને ચૂકવી આપી હતી. આ સમગ્ર મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના ૯ આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સંદર્ભે IPCની કલમ ૧૪૩, ૧૪,૧ ૧૪૯, ૧૮૬, ૨૯૪, ૩૫૩, ૩૮૬ અને આર્મ્સ એક્ટની કલમ ૨૫ વગેરે મુજબ ગુન્હો નોંધાયો હતો. જે બાદ જૂન મહિનાના અંતમાં આ કેસની સુનાવણી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજની કોર્ટમાં ચાલી હતી, જેમાં તમામ સરકારી સાક્ષીઓ અને મજબૂત પુરાવાઓને આધારે કોર્ટે ૨૩ જૂને ૫ પુરુષ અને ૪ મહિલા સહિત કુલ ૯ આરોપીને દોષી જાહેર કરીને ૭ વર્ષની કેદની સજા તથા ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

### લીંબડીના પ્રેમવતી ભોજનાલયમાં કમ્પાઉન્ડમાં ACBની ટ્રેપ

# 5 લાખની લાંચ લેતા સરપંચના પતિ ઝડપાયા

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**





રેતી ખનન કરવા દેવાના બદલામાં રૂ. ૫,૦૦,૦૦૦ની લાંચ સ્વીકારતા ઉંટડી ગ્રામ પંચાયતના સરપંચના પતિ અને ઉપસરપંચ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)ના છટકામાં ઝડપાઈ ગયા છે. રૂ. ૬,૩૦,૦૦૦ની ગેરકાયદે માંગણી સામે ગોઠવાયેલા છટકામાં લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરવામાં ACBને સફળતા મળી છે.ઉંટડી ગામે નક્કી કરેલી જગ્યાએથી રેતી કાઢવાની મંજૂરી આપવા માટે આરોપી સંજય પ્રતાપભાઈ કમેજળીયા (ઉં.વ. ૩૫, ધંધોઃ ડ્રાઈવિંગ, સરપંચના પતિ) અને સુનીલ સુભાષભાઈ કટુડીયા (ઉં.વ. ૨૭, ઉપસરપંચ, ઉંટડી ગ્રામ પંચાયત) દ્વારા ફરિયાદી પાસે પ્રતિ ટ્રક રૂ. ૧,૦૦૦ની લાંચ માંગવામાં આવી હતી. ફરિયાદીએ પ્રતિ ટ્રક રૂ. ૧૦૦ ધર્માદા પેટે આપવાની રજૂઆત કરી હોવા છતાં, બંને આરોપીઓએ નાણાંની ઉઘરાણી ચાલુ રાખી હતી. ત્યારબાદ આરોપી સંજય કમેજળીયાએ ઉચક રૂ. ૬,૩૦,૦૦૦ની માંગણી કરી હતી, જે રકઝક બાદ રૂ. ૫,૦૦,૦૦૦ નક્કી થઈ હતી.ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે સુરેન્દ્રનગર ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ૨૧ જુલાઈ ૨૦૨૬ના રોજ લીંબડી હાઈવે ચાર રસ્તા પાસે આવેલા પ્રેમવતી ભોજનાલયના કમ્પાઉન્ડમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું.આયોજન મુજબ, સંજય કમેજળીયા ફરિયાદી પાસેથી રૂ. ૫,૦૦,૦૦૦ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ગેરકાયદે રકમ સ્વીકાર્યા બાદ સંજયે તેના મોબાઈલ ફોન પરથી ઉપસરપંચ સુનીલ કટુડીયાને ફોન કરી નાણાં મળી ગયાનું કન્ફર્મેશન આપ્યું હતું. બાદમાં ઘટનાસ્થળે આવી પહોંચેલા ઉપસરપંચ સુનીલ કટુડીયાની પણ અટકાયત કરવામાં આવી હતી.બંને આરોપીઓએ રાજ્યસેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી, ગુનાહિત ગેરવર્તણૂક આચરી એકબીજાને મદદગારી કરી હોવાનું સામે આવ્યું છે. આ સફળ ટ્રેપની કામગીરી સુરેન્દ્રનગર ACB પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર પી.કે. પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

> ખાણખનીજના પ્રતિ ટ્રક 1 હજાર લેખે સાડા 6 લાખ માંગ્યા

## 16000 કરોડના ઘરમાં કાનુડાની પેઈન્ટિંગ સુંદર દ્રશ્ય કંડારેલું છે

# અંબાણીના એન્ટિલિયામાં હિરા જડિત શ્રીનાથજીનું અદભૂત મંદિરઃ ચાંદીએ મઢેલા દરવાજા



મંદિરમાં આરસની બેનમૂન કોતરણી



અંબાણી પરિવારનું ઘર 'એન્ટિલિયા' વિશ્વનું બીજું સૌથી મોંઘું ઘર છે. સ્થાપત્યની અજાયબી સમાન 'એન્ટિલિયા'માં નાનકડું નાથદ્વારા પણ વસાવવામાં આવ્યું છે. તાજેતરમાં અંબાણી પરિવારના ઘરે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં મંદિરની ઝલક જોવા મળી રહી છે. આ પૂજા ઘરના ખુણેખુણામાં ભારતીય કારીગરીના ઉત્તમ નમૂના જોવા મળી રહ્યા છે.વાસ્તવમાં, મેકઅપ આર્ટિસ્ટ સૌરવ રોયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કર્યો છે, જેમાં નીતા અંબાણી એન્ટિલિયામાં આવેલા 'નાથદ્વારા' મંદિરમાં પૂજા કરતા અને કૃષ્ણ ભક્તિમાં લીન જોવા મળ્યા.વીડિયોની શરૂઆતમાં નીતા અંબાણી શ્રીનાથજીની હીરા જડિત મૂર્તિ તરફ મોં રાખીને ઊભા છે. તેમની પાછળ એક સુંદર અને ભવ્ય મંદિર દેખાઈ રહ્યું છે. ચાંદીથી મઢેલા ભવ્ય દરવાજાઓ અને આરસમાં ઝિણવટપૂર્વકની કોતરણી કરેલા મંદિરની વચ્ચોવચ્ચ શ્રીનાથજીની મોટી પ્રતિમા જોવા મળી રહી છે. પિછવાઈ ચિત્રકળાના આધાર પર બનેલી આ પ્રતિમામાં શ્રીનાથજી બાવાનું દિવ્ય સ્વરૂપ જોવા મળી રહ્યું છે. આ પ્રતિમાને ગોલ્ડન ફ્રેમમાં મઢેલી છે.મંદિરના દ્વાર પર લક્ષ્મીજીના પગલાં દેખાઈ રહ્યા છે. તેની આગળ લાલ જાજમ પાથરેલી છે. શ્રીનાથજીની પ્રતિમા પાસે ચાંદીના દીવો મૂકેલા છે.

# અભિનેત્રીઓએ સ્કર્ટને અનોખી રીતે પહેરીને ફેશનના નવા ટ્રેન્ડ્સ સર્જ્યા

સ્કર્ટ એક એવી ફેશન આઇટમ છે જે ક્યારેય ટ્રેન્ડમાંથી બહાર જતી નથી. જેમકે ડીડીએલજેની કાજોલ હોય કે પછી ૨૦૧૫માં આવેલી દિલવાલે કાજોલ હોય, દરેક સ્કર્ટ લૂક ટ્રન્ડમાં રહે છે. દીપિકા પાદુકોણે સબ્યાસાચીનાં લાંબા સ્કર્ટને સફેદ શર્ટ સાથે ક્લાસિક અંદાજમાં સ્ટાઈલ કર્યું હોય કે નવી પેઢીની અભિનેત્રી અનન્યા પાંડેએ શોર્ટ ડેનિમ સ્કર્ટ અને ક્રોપ ટોપમાં કેઝ્યુઅલ ડે-લુકને પરફેક્ટ બનાવ્યો હોય - બોલિવૂડ અભિનેત્રીઓએ સ્કર્ટને અનેક અનોખી રીતે પહેરીને ફેશનના નવા ટ્રેન્ડ્સ સર્જ્યા છે. સ્કર્ટની ફ્લોરલ પ્રિન્ટ હોય, મેટાલિક ફિનિશ હોય કે ક્લાસિક મિનિમલિસ્ટ લૂક - બોલિવૂડની અનેક અભિનેત્રીઓએ સ્કર્ટને પોતાની અનોખી સ્ટાઈલ સાથે રજૂ કરીને ફેશનપ્રેમીઓ માટે નવી ઈન્સ્પિરેશન પુરી પાડી છે. અહીં એવી પાંચ અભિનેત્રીઓના લૂક્સ પર એક નજર કરીએ. દીપિકા પાદુકોણની ફ્લોરલ ફેમિનિન સ્ટાઈલથી લઈને કિયારા અડવાણીના મિનિમલિસ્ટ લૂક સુધી, દરેક અભિનેત્રીએ સ્કર્ટને પોતાની અલગ ઓળખ આપી છે.



### સલમાન ખાન કરશે હોસ્ટ

# બિગ બોસ-20નો પહેલો લુક રિલીઝ

### જિયો હોટસ્ટાર અને કલર્સ પર દેખાશે







ટીવીના ફેમસ રિયાલિટી શો બિગ બોસ ૨૦ના ચાહકો આતુરતાથી આ શોની રાહ જોઈ રહ્યા છે. ચાહકો રિયાલિટી શોના પ્રીમિયર માટે ઉત્સુક છે. તો મેકર્સે ચાહકોની ઉત્સાહમાં વધારો કર્યો છે. મેકર્સે બિગ બોસ ૨૦ની જાહેરાત કરી છે. શોના લોગોને મેકર્સે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. ત્યારબાદ ચાહકોનો ઉત્સાહ વધી ગયો છે. હજુ સુધી શોની રિલિઝ ડેટ જાહેર થઈ નથી.મેકર્સે જિયો હોટસ્ટાર પરના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં શોનો ફર્સ્ટ લુક જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર બિગ બોસ ૨૦ની જાહેરાતનો વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેના કેપ્શનમાં મેકર્સે લખ્યું ૨ દશક પછી હજુ પણ સૌથી વધારે ધ્યાન આકર્ષિત કરનાર શો બિગ બોસ ૨૦ જલ્દી આવી રહ્યો છે. જિયોહોટસ્ટાર અને કલર્સ પર.બિગ બોસ ૨૦ ટુંક સમયમાં શરુ થવા જઈ રહ્યો છે.

# ગાંધી જેલમાં જ જીવે છે, તેવું ગોપાલ માની રહ્યો હતો તે હવે જે નિર્ણય લેવાનો હતો તે જીવનનો સૌથી મોટો નિર્ણય હતો



પ્રશાંત દયાળ

ગોપાલના મનમાં આખી રાત પત્રકાર આદેશના શબ્દો ઘુમરાયા કર્યા. આદેશે જે વાત કરી, એ વાત તેણે બુક રેકોર્ડિંગ દરમિયાન પણ વાંચી હતી. કદાચ એ સમયે ગાંધીના વિચારો તેનાં મનને પ્રભાવિત કરી શક્યા નહોતા. પણ પત્રકાર આદેશને સાંભળ્યા પછી વિચાર તેને આવ્યો કે, આજના સમયમાં પણ ગાંધીના વિચારો પ્રમાણે જીવી શકાય ખરું. ગોપાલે એ બાબતે ખૂબ વિચાર કર્યો. તેને મનમાં થયું કે, હમણાં સુધી મેં કેસમાં માત્ર જૂઠનો જ સહારો લીધો છે. જ્યારે મારી સામે કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે પણ મેં વકીલે શીખવાડ્યા પ્રમાણે જ કોર્ટને કહ્યું છે કે, હું નિદોર્ષ છું. પણ તે સાચુ નહોતું.

સવારે તૈયાર થઈને ગોપાલ સીધો ટેલીફોનબુથ પર ગયો. ત્યાં ફોન કરવા આવેલા કેદીઓની લાંબી લાઇન હતી. લાઇનમાં ઊભા રહેલા ગોપાલને ત્યારે જરા પણ વિચાર ન આવ્યો કે, લાઇન કેટલી લાંબી છે! કારણ કે તેની અંદર વિચારોની ગડમથલ ચાલી રહી હતી. તેને ખબર પડી રહી નહોતી કે, તેણે જે નિર્ણય કર્યો છે; એ સાચો છે કે ખોટો? તેનું મગજ કહી રહ્યું હતું કે, તેનો નિર્ણય મૂર્ખતા ભરેલો છે; પણ તેનું હૃદય કહી રહ્યું હતું કે, આ નિર્ણય અને આ રસ્તો જ સાચો છે.લગભગ અડધો કલાક પછી તેનો નંબર આવ્યો. ફોન કરનારા કેદીએ ત્યાં રહેલા ડ્યૂટી પરના જમાદારને કોને ફોન કરવા માગે છે? અને ફોન નંબર. બધી વિગત નોંધાવવાની હોય છે. દરેક કેદીને અઠવાડિયામાં એક વખત પાંચ મિનિટ વાત કરવા મળે છે. પાંચ મિનિટ થાય એટલે ફોન આપોઆપ કટ થઈ જાય. તેની સાથે આ ફોન ઓટોમેટિક રેકોર્ડ થાય, એટલે કેદીએ શું વાત કરી? તેની પણ જેલ અધિકારીઓને ખબર પડે. ગોપાલે પહેલાં નંબર લખાવ્યો પછી નામ લખાવ્યું, "એડ્વોકેટ ચાંપાનેરી."જમાદારે નંબર જોડ્યો અને ફોન કનેક્ટ થતાં તેણે ગોપાલને આપ્યો. ગોપાલે કહ્યું, "હેલો સર."સામેથી કોઈ ઉત્તર મળ્યો નહીં. ગોપાલે જ વાત આગળ ચલાવતાં કહ્યું, "સર, સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી ગોપાલ બોલું છું. મેં મારી અપીલ કરવાનો કેસ તમને આપ્યો છે."સામેથી જવાબ મળ્યો, "હા હા. અરે ગોપાલ, બોલ. શું છે?"ગોપાલે કહ્યું, "સર, મારી એક વિનંતી છે. હાઈકોર્ટમાં તમે મારી અપીલ ચલાવો ત્યારે મારે હાઈકોર્ટને બધું જ સાચું કહેવું છે."થોડીક શાંતિ પછી એડ્વોકેટ ચાંપાનેરીએ પૂછ્યું, "સાચુ બોલવું છે? એટલે શું?"

ગોપાલે કહ્યું, "હું તો નિદોર્ષ નથી. મેં જાણી જોઈને ગુનો કર્યો છે. આવું મારે હાઈકોર્ટને કહેવું છે."એડ્વોકેટ ફરી એડ્વોકેટ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું, "ગોપાલ, મારી કરિયરમાં કોઈપણ ગુનેગારે પોતાનો ગુનો કબુલ્યો હોય, એવું બન્યુ નથી. હું તારો વકીલ છું. તું કહીશ એ પ્રમાણે તારો કેસ લડીશ; પણ જો તું હારી જાય તો મારી જવાબદારી નહીં."ગોપાલ મનમાં બબડ્યો, વકીલ ક્યારે કોઈ જવાદારી લે છે? એડ્વોકેટને કોઈ જવાબ નહીં મળતાં તેમણે પૂછ્યું, "ગોપાલ, સાંભળે છેને?"ગોપાલે કહ્યું, "જી સર, સાંભળુ છું. મેં બહુ વિચારીને આ નિર્ણય કર્યો છે. હું હાઈકોર્ટ સામે રૂબરુ આવીને કબુલાત કરવા માગું છું."ચાંપાનેરીએ કહ્યું, "પાર્ટી ઈન પર્સન?"ગોપાલે કહ્યું, "જી સર. પણ તમારી હું ફી આપી દઈશ. તેની ચિંતા ન કરતા."ચાંપેનરીએ કહ્યું, "હું ફીની ચિંતા નથી કરતો. હું તો તારી ચિંતા કરી રહ્યો છું. મને તારો સાચું બોલવાનો નિર્ણય વ્યાજબી લાગતો નથી."ગોપાલે દલિલ કરતાં કહ્યું, "સાહેબ, મને દસ વર્ષની સજા થઈ છે. જો હારી જઈશ તો મારી દસ વર્ષની સજા યથાવત્ રહેશે. તેના કરતાં ખરાબ શું થઈ શકે છે? પણ હવે નક્કી કર્યું છે કે, ખોટું બોલવું નથી."ફોનમાં એકદમ અવાજ બંધ થઈ ગયો. ગોપાલ હેલો હેલો કરવા લાગ્યો. જમાદારે કહ્યું, "ફોન મૂકી દે. પાંચ મિનિટ થઈ ગઈ છે."

ગોપાલ બુથની બહાર આવ્યો. કદાચ જેલમાં આવ્યા પછી તેનું મન પહેલી વખત એકદમ શાંત હતું. કદાચ તેણે સાચુ બોલવાનો નિર્ણય કર્યો એટલે તેની અંદર એક પ્રકારની શાંતિ પ્રવર્તી રહી હતી. તે ફોન કરીને લીગલ ઑફિસમાં પહોંચ્યો. નીતિન કાકાને રામ રામ કરીને પોતાના ટેબલ ઉપર બેઠો. કાકા તેની સામે જોઈ રહ્યા હતા. થોડીવાર પછી નીતિનકાકાએ પૂછ્યું, "આજે કેમ ખુશ લાગે છે?"ગોપાલ હસ્યો. તેણે કહ્યું, "ના કાકા, હવે ખુશ થાઉં તેવા કોઈ સમાચાર આવતા નથી."કાકાના ચહેરા પર પણ સ્મિત આવ્યું. કેદીઓની રજાની અરજી અને કોર્ટને મોકલવાના કાગળોના ઇનવર્ડ નંબર નાખતાં ગોપાલને કંઈક યાદ આવ્યું. તેણે કહ્યું, "કાકા, તમને એક વાત કરવાની છે."કાકાએ કાગળો વાંચતાં વાંચતાં જ કહ્યું, "બોલ."ગોપાલે કહ્યું, "કાકા, મેં હાઈકોર્ટમાં મારી અપીલ ચાલે, ત્યારે બધું જ સાચું કહેવાનો નિર્ણય કર્યો છે."કાકાએ એકદમ ઉપર જોયું. માત્ર કાકા જ નહીં, ત્યાં કામ કરતા બધા જ કેદીઓ ગોપાલ સામે જોવા લાગ્યા. બધાએ એવી રીતે એની તરફ જોયું, જાણે ગોપાલે કોઈ મોટો ગુનો કર્યો હોય! ગોપાલે ત્યાં રહેલા કેદીઓ સામે જોયું. પછી કાકા સામે જોતાં કહ્યું, "કાકા મેં, તમે અને આ બધાએ કોર્ટમાં ટ્રાયલ દરમિયાન તો ખોટું જ કહ્યું હશે. તો પણ આપણને સજા થઈ છે. હવે મને લાગે છે કે, સાચું બોલવું જોઈએ."નીતિનકાકા એકદમ શાંત થઈ ગયા. પછી એકદમ હસવા લાગ્યા અને બોલ્યા, "આ તું રોજ ગાંધીયાર્ડમાં જાય છે, તેની માનસિક અસર થઈ લાગે છે."બધા કેદીઓ કાકાની વાત સાંભળીને હસી પડ્યા. ગોપાલને એ ગમ્યું નહીં. તેણે કહ્યું, "કદાચ તમારી વાત સાચી છે. ગાંધીયાર્ડમાં ગયા પછી જ મને આ વિચાર આવ્યો. પણ સાચું બોલવામાં ક્યાં વાંધો છે?"

કાકાએ એકદમ શાંતિથી પોતાનો પક્ષ મૂકતાં કહ્યું, "જો, અપીલનો અર્થ એવો થાય છે કે, ટ્રાયલ કોર્ટે તને સજા કરી એ ભૂલભરેલી છે. તારા બચાવના મુદ્દા નીચલી અદાલતે ધ્યાનમાં લીધા નથી. તારા હાઈકોર્ટના વકીલે સાબિત કરવાનું હોય છે કે, નીચલી અદાલતનો હુકમ ભૂલભરેલો છે."

ગોપાલે કાકાને અટકાવતાં કહ્યું, "કાકા, મને સજા કરવાનો હુકમ ભૂલભરેલો નથી. મેં ગુનો કર્યો છે અને તેની મને સજા મળી છે."

કાકાએ તેને સવાલ પુછ્યો, "તો તારે હાઈકોર્ટમાં શું કામ જવું છે? અરે, વકીલની પણ ક્યાં જરૂર છે? પાર્ટી ઈન પર્સન તરીકે હાઈકોર્ટમાં ઊભો રહી જા અને બધું સાચુ કહી દે."ગોપાલના ચહેરા પર ખુશી દોડી આવી. તેણે કહ્યું, "યસ કાકા, મેં મારા વકીલને એવું જ કહ્યું છે કે, મારે કોર્ટની રૂબરુ આવીને સાચુ કહેવું છે."

કાકા વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે, ગોપાલનું છટકી ગયું છે. ગોપાલની પત્નીએ તેને છોડી દેવાનો નિર્ણય કર્યો, એના કારણે તેની માનસિક સમતુલા બગડી ગઈ છે. કાકાએ કહ્યું, "ખેર, તને યોગ્ય લાગે એવું કરજે."ફરી કાકાએ કામની શરૂઆત કરી અને હસતાં હસતાં બોલ્યા, "ભારતમાં ગાંધીજી પછી કોઈનું નામ લેવામાં આવશે; તો ગોપાલ, એ તારું જ હશે."ગોપાલને સંકોચ થયો. તેણે કહ્યું, "કાકા, ગાંધી તો બહુ મોટો માણસ છે. હું ખૂબ નાનો છું. બસ, તેમના પગલે એક પગલું ચાલવું છે."

(ક્રમશ)

## રાજકોટ રેલવે પોલીસે જપ્ત કરેલ સિલિન્ડરના કેસમાં થયો સ્ફોટક ખુલાસો

# ટ્રેનના ડબ્બામાં ચાલતું હતું ગેરકાયદે રસોડું

## પોરબંદર-શાલીમાર પેન્ટ્રી કારના મેનેજરે ટ્રેનમાં ચાલુ કર્યું રસોડું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ રેલવે સ્ટેશન પર શાલિમાર-પોરબંદર સુપરફાસ્ટ ટ્રેનની પેન્ટ્રી કારમાં બે દિવસ પહેલાં પેન્ટ્રી કારનો મેનેજર કુલ ૧૦ નાના ગેસ સિલિન્ડર સાથે ઝડપાયો હતો, જેમાંથી ૩ ગેસ સિલિન્ડર ભરેલા હતા.પોલીસ તપાસ દરમિયાન સ્ફોટક ખુલાસો થયો છે કે, આરોપી ટ્રેનના ડબ્બામાં મુસાફરોના જીવ જોખમમાં મૂકી ગેરકાયદેસર રસોડું ચલાવતો હતો. રાજકોટ રેલવે સ્ટેશન પર શાલિમાર-પોરબંદર સુપરફાસ્ટ ટ્રેનની પેન્ટ્રી કારમાંથી બે દિવસ પહેલાં ૧૦ ગેસ સિલિન્ડર સાથે ઝડપાયેલા મૂળ ભીંડ (મધ્યપ્રદેશ)ના પેન્ટ્રી કાર મેનેજર શિશુપાલસિંહ દેવીસિંહ ગુર્જર(ઉં.વ.૪૩) ટ્રેનના ડબ્બામાં જ ગેરકાયદેસર રસોડું ચલાવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.મુસાફરોના જીવ જોખમમાં મૂકી નિયમોનો ભંગ કરનાર આરોપી પાસેથી ઝડપાયેલા ૧૦ સિલિન્ડરમાંથી ત્રણ ગેસથી ભરેલા હતા. રેલવે પોલીસની તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, ટ્રેનમાં જ્વલનશીલ વસ્તુનો ઉપયોગ અને રસોડું ચલાવવાની મનાઈ હોવા છતાં આરોપી વધુ આર્થિક લાભ માટે ટ્રેનમાં જ રસોઈ-ચા બનાવી મુસાફરોને ભોજન પીરસતો હતો.નિયમ મુજબ આવી ટ્રેનમાં રેલવે સ્ટેશનની અધિકૃત કેન્ટીનમાંથી તૈયાર ભોજન મગાવી પીરસવાનું હોય છે, જ્યારે જે ટ્રેનમાં આરોપી ઝડપાયો હતો તેમાં ઇલેક્ટ્રિક સગડીના ઉપયોગની પણ મંજૂરી નહોતી. રાજકોટ રેલવે પોલીસ દ્વારા ઇન્ડિયન એક્સપ્લોઝિવ એક્ટની કલમ હેઠળ નોંધાયેલા ગુનામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ કામગીરીમાં મેનેજર સાથે રેલવે સ્ટાફ પણ સામેલ હોવાની શંકાના આધારે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### પોરબંદર, પશ્ચિમ બંગાળની બે ગેસ એજન્સીમાંથી સપ્લાય થતા હતા સિલિન્ડર

પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી પોરબંદરની મિનિ ભારત ગેસ એજન્સી અને પશ્ચિમ બંગાળની ઇન્ડેન ગેસ એજન્સીમાંથી કાળાબજારમાં નાના સિલિન્ડર મેળવી ટ્રેનમાં ઉપયોગ કરતો હતો. તેની પાસેથી મિનિ ભારત કંપનીના પોરબંદરથી લઇ આવેલા ચાર અને ઇન્ડેન કંપનીના પશ્ચિમ બંગાળથી લઇ આવેલા છ મળી કુલ ૧૦ સિલિન્ડર જપ્ત કરાયા છે. હવે સિલિન્ડર સપ્લાયની સમગ્ર સાંકળ અંગે રેલવે પોલીસ દ્વારા ગેસ એજન્સીઓને પણ નોટીસ ફટકારી તપાસને આગળ વધારવામાં આવી છે.

# મારુતિ સુઝુકીની કાર ફરી મોંઘી થઈ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

દેશની સૌથી મોટી પેસેન્જર વાહન નિર્માતા કંપની 'મારુતિ સુઝુકી'એ તેના તમામ મોડલ્સની કિંમતોમાં વધારાની જાહેરાત કરી છે. કંપની તેની કારના ભાવ ૩૦,૦૦૦ રૂપિયા સુધી વધારશે. નવી કિંમતો ઓગસ્ટ ૨૦૨૬થી લાગુ પડશે.કંપનીએ ૨૧ જુલાઈ, મંગળવારે શેરબજારોને મોકલેલી માહિતી એટલે કે, રેગ્યુલેટરી ફાઈલિંગમાં આ જાણકારી આપી છે. અલગ-અલગ મોડેલ અને વેરિઅન્ટ મુજબ અલગ-અલગ ભાવ વધારવામાં આવશે. નોંધનીય છે કે, કંપનીએ ૨ મહિનામાં જ બીજી વાર ભાવ વધારો કર્યો છે.કંપનીએ જણાવ્યું કે, સતત વધી રહેલી ઇનપુટ કોસ્ટ એટલે કે ખર્ચ વધવાને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે. છેલ્લા કેટલાક મહિનામાં કંપનીએ પોતાના સ્તરે ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કર્યો, જેથી ગ્રાહકો પર સીધી અસર ન પડે. જોકે, મોંઘવારી દર ઊંચો રહેવા અને કારોબારી વાતાવરણ અનુકૂળ ન હોવાને કારણે વધેલા ખર્ચનો અમુક હિસ્સો ગ્રાહકો પર નાખવો મજબૂરી બની ગયો છે.આ વર્ષે મારુતિ સુઝુકી તરફથી આ પહેલો વધારો નથી. આ પહેલા કંપનીએ જૂન ૨૦૨૬માં પણ તેના તમામ મોડેલ્સની કિંમતોમાં ૩૦,૦૦૦ સુધીનો વધારો કર્યો હતો. તે વધારાની જાહેરાત ૨૧ મે ૨૦૨૬ના રોજ કરવામાં આવી હતી.તે સમયે પણ કંપનીએ ઇનપુટ કોસ્ટમાં વધારો અને મોંઘવારીના દબાણને જ મુખ્ય કારણ જણાવ્યું હતું. ઓગસ્ટથી લાગુ થનારો નવો સુધારો જૂનમાં થયેલા વધારા ઉપરનો વધારાનો વધારો હશે. મારુતિ સુઝુકી ભારતીય બજારમાં એન્ટ્રી-લેવલ હેચબેકથી લઈને પ્રીમિયમ સેગમેન્ટની ગાડીઓ વેચે છે. જેમાં એન્ટ્રી-લેવલ મોડેલ 'S-Presso'થી લઈને પ્રીમિયમ MPV 'ઇનવિક્ટો' સામેલ છે.હાલમાં કંપનીના પોર્ટફોલિયોની એક્સ-શોરૂમ કિંમતો ૩.૫૦ લાખથી શરૂ થઈને ૨૫ લાખ સુધી જાય છે.




# રાજા હત્યાકાંડ; સોનમ રઘુવંશી સરેન્ડર કરેઃ સુપ્રીમ કોર્ટ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**



ઇન્દોરના રાજા રઘુવંશી હત્યાકાંડની આરોપી સોનમ રઘુવંશીને સુપ્રીમ કોર્ટે આત્મસમર્પણ કરવાની સલાહ આપી છે. જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ પીબી વરાલેની બેન્ચે સોનમના વકીલને કહ્યું- તેમની પાસે બે વિકલ્પો છે-પહેલો- જો તેઓ ઇચ્છે તો આ અદાલત મેઘાલય સરકારની અપીલ પર તેમની દલીલો સાંભળીને અંતિમ આદેશ પસાર કરી શકે છે.બીજો- સોનમ હાલમાં આત્મસમર્પણ કરે જેથી તપાસ એજન્સીઓ તેની પૂછપરછ કરી શકે અને આ દરમિયાન જામીનના મુદ્દા પર પણ વિચારણા કરી શકાય. કોર્ટ આ કેસની આગામી સુનાવણી ૨૩ જુલાઈએ કરશે. તે જ દિવસે એ નિર્ણય થઈ શકે છે કે સોનમના જામીન યથાવત રહેશે કે તેને જેલ જવું પડશે.આ જ વર્ષે ૨૬ એપ્રિલે મેઘાલય હાઈકોર્ટે સોનમને જામીન આપ્યા હતા. મેઘાલય સરકારે જામીન વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.સુપ્રીમ કોર્ટે ઘટના બાદ સોનમના વર્તન અને કાનૂની તર્કો પર પણ સવાલ ઉઠાવ્યા. કોર્ટે પૂછ્યું કે ધરપકડ સમયે કારણો ન જણાવવાનો મુદ્દો પહેલાં કેમ ઉઠાવવામાં આવ્યો ન હતો? તેના પર સોનમના વકીલે નિર્દેશ લેવા માટે સમય માંગ્યો અને કહ્યું કે તેઓ ગુરુવાર સુધીમાં પોતાનો જવાબ દાખલ કરશે.જ્યારે, મેઘાલય સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સોનમના જામીનનો વિરોધ કરતા કહ્યું કે તેણે પોલીસ સમક્ષ સ્વેચ્છાએ આત્મસમર્પણ કર્યું હતું.

# પડધરી તાલુકા પંચાયતમાં અધિકારી રાજ હાવી, ચૂંટાયેલા પ્રતિનિધિઓની અસર ઘટી

## પ્રમુખની ત્રણ રજૂઆત છતાં પ્રશ્નો યથાવત; જનતાના કામો અટવાતા વહીવટી તંત્ર સામે અસંતોષ

**સિટી ન્યૂઝ@પડધરી**

પડધરી તાલુકા પંચાયતના વહીવટને લઈને હાલ ગંભીર અસંતોષનું વાતાવરણ સર્જાયું છે. તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરતાં અધિકારીઓનું વર્ચસ્વ સતત વધતું જતા વિકાસના કામો અને પ્રજાના પ્રશ્નોના ઉકેલમાં અવરોધ ઉભા થઈ રહ્યા હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે. આ પરિસ્થિતિને કારણે લોકશાહી વ્યવસ્થાની અસરકારકતા પર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ, તાલુકા પંચાયત પ્રમુખે એક જ મુદ્દે ત્રણ વખત રજૂઆત કરવા છતાં પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ આવ્યો નથી. વારંવાર રજૂઆત છતાં યોગ્ય પ્રતિસાદ ન મળતા તાલુકા પંચાયતના




વહીવટમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા નબળી પડી રહી હોવાનું માનવામાં આવી રહ્યું છે. જેના કારણે વિકાસ કાર્યોમાં ગતિ ધીમી પડી રહી છે. સ્થાનિકોમાં એવી લાગણી મજબૂત બની રહી છે કે જ્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓની રજૂઆતોને જ પ્રાથમિકતા મળતી નથી, ત્યારે સામાન્ય નાગરિકોના પ્રશ્નોના નિરાકરણમાં પણ વિલંબ થાય છે. પરિણામે લોકોમાં વહીવટી તંત્ર પ્રત્યે અસંતોષ વધતો જઈ રહ્યો છે અને લોકોમાં નિરાશાનો માહોલ સર્જાઈ રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પડધરી-ટંકારાના ધારાસભ્ય દુર્લભજી દેથરિયા અને રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલા દ્વારા સમગ્ર મામલે ગંભીર ધ્યાન આપી તાલુકા પંચાયતના વહીવટમાં સુમેળ, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા તાત્કાલિક પગલાં ભરાય તેવી માંગ ઉઠી રહી છે.



તસ્વીર : અક્ષય ગોંડલીયા

# કોઠારિયા રોડની સોસાયટીના રહેવાસીઓએ અશાંતધારા કાયદાના અમલ માટે કલેક્ટરને આવેદન આપ્યું

## કાયદાના ઉલ્લંઘનની તપાસ, ગેરરીતિથી થયેલા મિલકત સોદા સામે કાર્યવાહી અને સોસાયટી રેગ્યુલરાઈઝ કરવાની માંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૬ વિસ્તારમાં આવેલી ન્યુ કેદારનાથ સોસાયટીના રહેવાસીઓએ બુધવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી અશાંતધારા (નોટિફાઇડ એરિયા) કાયદાનો કડક અમલ કરાવવા માંગ કરી છે. પોલીસની પૂર્વ મંજૂરી સાથે શાંતિપૂર્ણ રીતે રજૂઆત કરવામાં આવી હતી.

આવેદનમાં જણાવાયું છે કે વિસ્તારમાં લાંબા સમયથી અશાંતધારા કાયદો અમલમાં હોવા છતાં તેનું યોગ્ય પાલન થતું નથી. કાયદો લાગુ થયા બાદ પણ નિયમોના ઉલ્લંઘન કરીને થયેલા મિલકતના વેચાણની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

રહેવાસીઓએ વધુમાં રજૂઆત કરી છે કે કેટલાક વકીલો અને નોટરી દ્વારા ગેરમાર્ગે દોરી અશાંતધારા કાયદાના ભંગ સાથે નોટરી કરવામાં આવતી હોવાના આક્ષેપો છે. આવા કિસ્સાઓમાં યોગ્ય સૂચનાઓ આપી ભવિષ્યમાં ગેરરીતિ અટકાવવા તંત્ર જરૂરી પગલાં ભરે તેવી માંગ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત અંદાજે ૩૫ વર્ષ જૂની ન્યુ કેદારનાથ સોસાયટીને નિયમિત (રેગ્યુલરાઈઝ) કરવા જિલ્લા કલેક્ટર વ્યક્તિગત રસ દાખવી જરૂરી કાર્યવાહી કરે તેવી પણ રહેવાસીઓએ રજૂઆત કરી છે.

ફ્લેટ વેચવાનો છે
બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ
ફક્ત રેસીડેન્શીયલ કંપાઉન્ડ પેક સોસાયટી
4 BHK
1400 કારપેટ
શિવસંગમ સોસાયટી
૧૫૦ ફુટ રીંગ રોડ,રાજકોટ
જીતુ કોઠારી : 97250 48181

# મનપાના દબાણ હટાવ અભિયાનમાં 258 રેકડી-કેબિન અને 2,635 બોર્ડ જપ્ત

## 15 દિવસમાં 4.09 લાખથી વધુનો વહીવટી ચાર્જ વસૂલ; શહેરભરમાં દબાણ સામે સઘન અને સતત કાર્યવાહી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાએ ૧ જુલાઈથી ૧૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં વ્યાપક અને સઘન અભિયાન હાથ ધરી નોંધપાત્ર કામગીરી કરી છે. આ અભિયાન દરમિયાન ૨૫૮ રેકડી-કેબિન, ૨,૬૩૫ બોર્ડ-બેનર સહિત મોટી માત્રામાં દબાણરૂપ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ કાર્યવાહી અંતર્ગત કુલ રૂ. ૪,૦૯,૨૯૫નો વહીવટી ચાર્જ અને ભાડું વસૂલ કરવામાં આવ્યું હોવાનું મનપાએ જણાવ્યું છે.

મનપાના જણાવ્યા મુજબ, ધરાર માર્કેટ, સંતકબીર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈન રોડ, સાધુ વાસવાણી રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રૈયાધાર રોડ, રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબિલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરાબજાર સહિતના વિસ્તારોમાં રસ્તાને નડતરરૂપ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૨૫૮ રેકડી-કેબિન જપ્ત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૭૫૦ જેટલી પરચુરણ ચીજવસ્તુઓ અને ૩,૪૨૮ કિલો જેટલો શાકભાજી, ફળ તથા ફૂલનો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો હતો, જે જાહેર માર્ગો પર અવરોધરૂપ બનતા હતા.મનપાએ મંડપ, કમાન અને છાજલીના ભાડા પેટે રૂ. ૪૮,૦૦૦ વસૂલ કર્યા હતા, જ્યારે દબાણ દૂર કરવાની કાર્યવાહી અંતર્ગત રૂ. ૩,૬૧,૨૯૫નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૨,૬૩૫ બોર્ડ, બેનર, ઝંડી અને પતાકાઓ દૂર કરીને જાહેર માર્ગોને સ્વચ્છ અને અવરોધમુક્ત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે જાહેર માર્ગો પર દબાણ અને ગેરકાયદેસર જાહેરાતો સામે આગામી દિવસોમાં પણ આવી જ સઘન અને અચાનક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. નાગરિકોને પણ નિયમોનું પાલન કરવા



અને શહેરને સ્વચ્છ તથા વ્યવસ્થિત રાખવામાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વોર્ડ નં. 11માં પાણી ચોરી કરનાર ત્રણ સામે મનપાની કડક કાર્યવાહી

## મોટરથી ગેરકાયદેસર પાણી ખેંચતા ઝડપાયા, 2,000નો દંડ ફટકારાયો; વધુ સઘન ચેકિંગની મનપાની ચેતવણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાએ શહેરમાં પાણી પુરવઠાની સમાનતા જળવાઈ રહે તે માટે પાણી ચોરી સામે કડક વલણ અપનાવ્યું છે. વોર્ડ નં. ૧૧ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મોટર લગાવી પાણી ખેંચતા ત્રણ વ્યક્તિઓને ઝડપી પાડી તેમની પાસેથી કુલ રૂ. ૨,૦૦૦નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મનપાની આ કાર્યવાહીથી પાણી ચોરી કરનારાઓમાં ચકચાર મચી ગઈ છે.મનપાના જણાવ્યા મુજબ, ૨૧ જુલાઈના રોજ નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી અને સિટી એન્જિનિયર કુંતેશ મહેતાના માર્ગદર્શન હેઠળ અધિકારીઓની ટીમ દ્વારા પાણી વિતરણ દરમિયાન વિશેષ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ગીરનાર સોસાયટી, ૪૦ ફૂટ રોડ વિસ્તારમાં જાહેર પાણીની



લાઈન પર મોટર મૂકી ગેરકાયદેસર રીતે પાણી ખેંચવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું, જેના કારણે આસપાસના વિસ્તારોમાં પાણીનું દબાણ ઘટતું હતું.

ચેકિંગ દરમિયાન ગોવિંદ મનુભાઈ સબાડ, ગીરીશ કાલાભાઈ ટાટમીયા અને પ્રફુલ ગોવિંદભાઈ ભરડવા નામના ત્રણ વ્યક્તિઓ પાણી ચોરી કરતા ઝડપાયા હતા. મનપાએ તાત્કાલિક કાર્યવાહી કરીને તેમની સામે દંડાત્મક પગલાં લીધા અને કુલ રૂ. ૨,૦૦૦નો દંડ વસૂલ કર્યો હતો. સાથે જ તેમને ભવિષ્યમાં આવી ગેરરીતિ ન કરવા ચેતવણી પણ આપવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાએ નાગરિકોને અનુરોધ કર્યો છે કે પાણી વિતરણ દરમિયાન મોટર, પંપ અથવા અન્ય સાધનો વડે ગેરકાયદેસર રીતે પાણી ખેંચવાની પ્રવૃત્તિઓથી દૂર રહેવું. આવી પ્રવૃત્તિઓના કારણે અન્ય નાગરિકોને પૂરતું પાણી મળવામાં મુશ્કેલી પડે છે અને સમગ્ર પાણી વિતરણ વ્યવસ્થામાં અવરોધ ઊભો થાય છે.

મનપાએ વધુમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અચાનક અને સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવશે. નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરવામાં આવશે. શહેરના દરેક નાગરિકને સમાન અને નિયમિત પાણી પુરવઠો મળી રહે તે માટે મનપા પ્રતિબદ્ધ છે અને નાગરિકોના સહયોગથી જ પાણીનો યોગ્ય અને જવાબદાર ઉપયોગ સુનિશ્ચિત થઈ શકે છે.

### અમદાવાદની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રાજકોટ જિલ્લા એસઓજીની કામગીરી

# વાસાવડમાંથી લાયસન્સ વિના ફટાકડા વેંચતા વેપારીની ધરપકડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અમદાવાદમાં ગેરકાયેદે ફટાકડા ફેક્ટરીમાં થયેલ જીવલેણ વિસ્ફોટ બાદ રૂરલ પોલીસ એક્શનમાં આવી છે અને વાસાવડ ગામમાં દરોડો પાડી લાયસન્સ વગર વેંચાણ થતાં રૂ.૩.૨૨ લાખના ફટાકડા જપ્ત કરી વેપારી જાકીર સાકરીયા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. દરોડાની વિગત મુજબ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્રારા રાજકોટ જીલ્લામાં ગેરકાયેદેસર ફટાકડા રાખી વેચાણ કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરી અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઇ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઇ જી. જે.ઝાલા અને ટીમ



પેટ્રોલીંગમાં હતી ત્યારે ગોંડલના વાસાવડ ગામમાં મઢી બજારમાં આવેલ ન્યુ રાજ આઇસ્ક્રીમ પાર્લરમાં વેપારી ગેરકાયદેસર લાયસન્સ વગર ફટાકડા રાખી વેચાણ કરતા હોય તેવી મળેલ ચોકકસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી ન્યુ રાજ આઇસ્કીમ નામની દુકાનમાં તપાસ કરતાં ત્યાંથી અલગ અલગ પ્રકારના સ્ફોટક ફટાકડા, જમીનમાં ઘડાકાથી ફુટી શકે તેવા અલગ અલગ પ્રકારના ફટાકડાની રૂ.૩,૨૨,૮૦૦ નો મુદ્દામાલ કોઇપણ પ્રકારના લાયસન્સ કે આધાર વગર વેચાણ અર્થે રાખી અને કોઇ ફાયર સેફટીના સાધનો રાખ્યા વગર પોતાની તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકી બેદરકારી દાખવી મળી આવતા તમામ ફટકતા કબ્જે કરી સુલતાનપુર પોલીસમાં ગુનો દાખલ કરાવી વેપારી જાકીર અઝીઝ સાકરીયા (ઉ.વ.૩૬, ધંધો.વેપાર રહે.વાસાવડ, ઢીંડી પા, ગોંડલ) ની ધરપકડ કરી હતી.




## ખાડો ખોદવા આવેલો મજુર વકીલનું પાકીટ ચોરી ગયોઃ ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતા અને વકીલાત કરતા અશોકભાઈ ગોવીંદભાઈ વાઘેલા ઉ.૨૯એ રૈયાધાર સ્લમ ક્વાર્ટર જ રહેતા રાજુ ઉર્ફે રાજ્યો સામે ચોરી અંગે યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૨૫ જૂનના રોજ મને પાકીટ મળતું ન હોય જેથી મે મારી માતા જયાબેનને કહેલ કે મારૂ પાકીટ મળતુ નથી બાદ મારી માતાએ મને કહેલ કે આપડા ઘરે ખાડો ખોદવા જે રાજુ ઉર્ફે રાજ્યો આવે છે તેને આજ સવારે મને કહેલ કે મારે મારી પત્નિ સાથે વાત કરવી છે મને ફોન આપો જેથી તારા પિતા ગોવીંદભાઈ સુતા હોય અને તેમનો ફોન મે આ રાજુને આપ્યો હતો બાદ તે ઘરની અંદર ફોનમાં વાત કરતો હોય તો મે આ રાજુને કહેલ કે તુ થોડો દુર જઈ વાત કર બાદ તે દુર જઈ વાત કરવા લાગેલ બાદ ફોન રૂમમા રહેલ ફ્રીજ ઉપર મુક્યો હતો ફ્રિજ ઉપર રાખેલ તારૂ પાકીટ લઈ ગયો હશે તેવી મને શંકા છે આ રાજુ ઉર્ફે રાજ્યો તા.૨૩થી ખાડો ખોદવા માટે આવતો હતો જેને ગઈ તા.૨૫ના રોજ ફ્રીજ ઉપર રાખેલ મારૂ કાળા કલરનુ પાકીટ જેમા આશરે રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- જેટલા તથા મારા જરૂરી અસલ ડોક્યુમેન્ટ જેમા આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, વકીલનુ સનદકાર્ડ હતા તે પાકીટ આ રાજુ ઉર્ફે રાજ્યો ચોરી કરી લઈ ગયો હોય તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# વીરનગર હત્યા કેસમાં આરોપીને હાઈકોર્ટમાંથી કાઠી શખ્સને જામીન

## સેશન્સ કોર્ટમાં રાહત ન મળતાં હાઈકોર્ટ પહોંચ્યો; પુરાવાની સ્થિતિ ધ્યાને લઈ અરજી મંજૂર


ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લાના વીરનગર ગામની સીમમાં થયેલા હત્યા કેસમાં ગુજરાત હાઈકોર્ટે આરોપી અજય મંગળુભાઈ ભોજકને શરતી નિયમિત જામીન મંજૂર કર્યા છે. અગાઉ સેશન્સ કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી, જેના કારણે આરોપીએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

ફરિયાદ મુજબ, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ લાલજી મકવાણા ગુમ થયા બાદ તેમની પત્ની પાસેથી રૂ. ૨૦,૦૦૦ એક અજાણ્યા વ્યક્તિ લઈ ગયો હતો. ત્યારબાદ પરિવારજનોએ આસપાસ શોધખોળ કરી અને ગુમ થયાની નોંધ પણ કરાવી હતી. ૩૧ ઓગસ્ટે જસદણ પોલીસે અજાણી લાશનો ફોટો બતાવતા તેની ઓળખ લાલજી મકવાણા તરીકે થઈ હતી. લાશ વીરનગર ગામની સીમમાં કનેસરા ગામ નજીકના વિસ્તારમાં મળી આવી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી હતી.

ફરિયાદમાં આલ્કુ જેબલિયા, અજય ભોજક અને સિદ્ધરાજ ગીડા સામે અપહરણ અને ઉઘરાણીના વિવાદને પગલે હત્યા કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આટકોટ પોલીસે BNSની કલમ ૧૦૩(૧), ૧૪૦(૧), ૩૦૮(૫) અને ૩(૫) હેઠળ ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી અને બાદમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

હાઈકોર્ટમાં બચાવ પક્ષે દલીલ કરી હતી કે અરજદારે મૃતકને કોઈ ઈજા પહોંચાડ્યાનો સીધો પુરાવો ઉપલબ્ધ નથી. ઉપરાંત તેમની પાસેથી કોઈ હથિયાર પણ મળ્યું નથી અને ચાર્જશીટમાં તેમની હાજરી તથા ભૂમિકા પ્રથમ દ્રષ્ટિએ સ્પષ્ટ થતી નથી. બચાવ પક્ષે વધુમાં રજૂઆત કરી હતી કે તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ દાખલ થઈ ગઈ હોવાથી આરોપીને વધુ કસ્ટડીમાં રાખવાની જરૂરિયાત નથી.

કાયદાકીય પરિસ્થિતિ, ચાર્જશીટ અને પોલીસ તપાસના દસ્તાવેજોને ધ્યાનમાં રાખી ગુજરાત હાઈકોર્ટે અજય મંગળુભાઈ ભોજકને શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. આ નિર્ણય બાદ કેસની આગળની કાર્યવાહી ટ્રાયલ દરમિયાન થશે.

આ કામમાં આરોપી વતી ગુજરાત હાઈકોર્ટના સીનીયર એડવોકેટ નિરૂપમભાઈ નાણાવટી તથા રાજકોટના યુવા ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન એચ. જોષી, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, ધવલ પુરોહીત, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, યશ ખેર, જય અકબરી, સહદેવસિંહ રાઠોડ રોકાયેલ હતા.

# બામણબોર ચેકપોસ્ટે 1.16 લાખના એમડી ડ્રગ્સ સાથે બે શખ્સો ઝબ્બે

## રાજસ્થાનથી માદક પદાર્થ લાવ્યાની કબૂલાત; રાજકોટ-જૂનાગઢના બે વેપારીઓ સામે NDPS હેઠળ કાર્યવાહી

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં માદક પદાર્થોની હેરાફેરી રોકવા માટે ચાલી રહેલા અભિયાન દરમિયાન એસઓજીની ટીમે બામણબોર ચેકપોસ્ટ પાસે રૂ. ૧.૧૬ લાખના મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં બંનેએ રાજસ્થાનથી વેચાણ માટે ડ્રગ્સ લાવ્યાની કબૂલાત આપી હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસના જણાવ્યા મુજબ, ભગવતીપરામાં રહેતા ઈબ્રાહીમ ઉર્ફે ટીકડો રજાક શેખ માદક પદાર્થનો જથ્થો લઈને અમદાવાદ તરફથી રાજકોટ આવતો હોવાની બાતમીના આધારે એસઓજીના પીઆઈ ચૌધરી અને પીએસઆઈ હાર્દિકસિંહ ધ્રાંગુની ટીમે બામણબોર ચેકપોસ્ટ પર વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન ઈબ્રાહીમ અને જૂનાગઢના ઈરફાન ઈબ્રાહીમ કુરેશીની તલાશી લેતા તેમની પાસેથી રૂ. ૧.૧૬ લાખનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું.



આ અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે બંનેની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ડ્રગ્સ ઉપરાંત ૨ મોબાઈલ ફોન, રોકડ રકમ સહિત કુલ રૂ. ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઈબ્રાહીમ ઉર્ફે ટીકડો અગાઉ હત્યાના પ્રયાસ, લૂંટ તેમજ ગાંજાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. અંદાજે ૪ મહિના અગાઉ ગાંજાના કેસમાં ઝડપાયા બાદ તે એક મહિના પહેલાં જ જેલમાંથી છૂટ્યો હતો. પોલીસે જણાવ્યું કે તે રાજસ્થાનના બાડમેર નજીકના ગામમાંથી ડ્રગ્સ લઈને રાજકોટ આવી રહ્યો હતો. જ્યારે તેની સાથે ઝડપાયેલો ઈરફાન કુરેશી અગાઉ જુગારના ગુનામાં સંડોવાઈ ચૂક્યો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. સમગ્ર મામલે પોલીસે NDPS એક્ટ હેઠળ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ધો.11ની છાત્રા ઉપર ગોંડલના 30 વર્ષીય પરણિત શખ્સે આચર્યું દુષ્કર્મ

## પ્રનગર પોલીસમાં પોક્સો સહિતનો ગુનો : આરોપીની પોલીસે કરી ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટમાં રહેતી તરૂણી ઉપર દૂષ્કર્મ ગુજારવા અંગે ગોંડલમાં રહેતાં ધવલ દિલીપભાઈ રાવરાણી ઉ.30 વિરૂધ્ધ પ્ર.નગર પોલીસ મથકમાં પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધાતા અટકાયત કરવામાં આવી હતી સોશિયલ મીડિયા મારફત પરિચય થયા બાદ હવસનો શિકાર બનાવનાર આરોપીની અટકાયત કરી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે ભોગ બનનાર ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. આરોપી સાથે ઈન્સ્ટાગ્રામ મારફત પરિચય થયો હતો. ભોગ બનનારના માતા-પિતા અલગ રહે છે. પિતાના ઘરે એકલી હતી ત્યારે જાણ થતાં આરોપીએ આવી દૂષ્કર્મ ગુજાર્યું હતું અઢીથી ત્રણ મહિના પહેલાં આ કૃત્ય કર્યુ હતું. તે વખતે આરોપીએ ધમકી આપતાં ભોગ બનનારે કોઈને હકિકતો જણાવી ન હતી. આખરે હિંમત કરી પરિવારજનોને જાણ કરતાં પ્ર.નગર પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે આરોપીની અટકાયત કરી હતી. આરોપી પરિણીત હોવાની માહિતી પોલીસને મળી છે. આ કેસમાં હવે પુરાવા એકત્રિત કરવા પોલીસે તપાસ જારી રાખી છે.

# ગજાનન આશ્રમનું રાજકોટમાં 29 જુલાઈએ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન

## ગજાનન આશ્રમ પરિવારના ઉપક્રમે પાદુકા પૂજન, મંત્રદીક્ષા, સદ્દગુરુ પૂજન, સંગીત કાર્યક્રમ અને મહાપ્રસાદ યોજાશે



સિટી ન્યૂઝ@રાજકોટ

ગજાનન આશ્રમ પરિવારના ઉપક્રમે ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજકોટ શહેરમાં ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અભય ભારદ્વાજ કોમ્યુનિટી A.C. હોલ, રૈયા રોડ ખાતે યોજાનારા આ મહોત્સવમાં ધાર્મિક વિધિઓ, ભજન-સંગીત, આધ્યાત્મિક કાર્યક્રમો અને મહાપ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

આયોજકોના જણાવ્યા મુજબ સવારે ૮:૦૦થી ૯:૦૦ કલાક દરમિયાન મંત્રદીક્ષા કાર્યક્રમ યોજાશે, જ્યારે સવારે ૮:૩૦થી ૧૨:૩૦ કલાક સુધી જાણીતા કલાકારો સાગર રાવલ (ભૂદેવ) અને દેવરાજ ગઢવી (ગીરનું ઘરેણું) દ્વારા ભક્તિમય સંગીતની સુરાવલી રજૂ કરવામાં આવશે. સવારે ૯:૦૦ કલાકે ગુરુજીના ગુરુજીની પાદુકા પૂજન વિધિ યોજાશે અને ત્યારબાદ સવારે ૯:૩૦થી ૧૨:૦૦ કલાક સુધી સદ્દગુરુ પૂજનનો વિશેષ કાર્યક્રમ યોજાશે. બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તમામ ભાવિકોને પ્રસાદ ગ્રહણ કરવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પૂજ્ય ગુરુદેવના પાવન સાનિધ્યમાં શિષ્યો, ભાવિકો તથા ગજાનન આશ્રમ પરિવારના સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. આયોજકો દ્વારા જણાવાયું છે કે આ મહોત્સવ આધ્યાત્મિક ઉર્જા અને ભક્તિભાવથી ભરપૂર રહેશે. આયોજક સંસ્થાએ વધુમાં જણાવ્યું છે કે ગજાનન આશ્રમ દ્વારા વર્ષભર વિવિધ સેવાકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે, જેમાં સંસ્કૃત પાઠશાળા, ભોજનાલય, કન્યા સહાય યોજના, નિશુલ્ક ચિકિત્સાલય, વ્યસનમુક્તિ કેન્દ્ર, વૃદ્ધાશ્રમ તેમજ નર્મદા પરિક્રમાવાસીઓની સેવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

### 12મી એશિયન એજ ગ્રુપ સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં ગુજ્જુનું હિર ઝળક્યું

# પહેલી જ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં હીર પિત્રોડાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

» 50મી.ફ્રી સ્ટાઈલ ઈવેન્ટ 23.20ના સમયમાં પૂર્ણ કર્યુ

સિટી ન્યૂઝ@રાજકોટ

પહેલી જ આંતરરાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં ભાગ લઈ રાજકોટના હીર સુનિલભાઈ પિત્રોડાએ દેશ તેમજ ગુજરાતનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં જ થાઈલેન્ડના બેંગકોક ખાતે ૧૨મી એશિયન એજ ગ્રુપ સ્વિમિંગ ચેમ્પિયનશીપ યોજાઇ હતી. અગાઉ સબ જૂનિયર તેમજ જૂનિયર કક્ષાએ રાષ્ટ્રીય સ્તરે ૧૬-૧૬ મેડલ મેળવી ચૂકેલા અને હાલ ઓરિસ્સાના ભૂવનેશ્વરમાં અભ્યાસ કરતા રાજકોટના હીર પિત્રોડાએ સિનિયર નેશનલમાં ૫૦મી.ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જેને કારણે હીરને પહેલી જ વખત ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી હતી. હીરે તનતોડ મહેનત કરી પહેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ૫૦મી.ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં જોડાયો હતો. નાની ઉંમરે હીરે તેની ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરી ૫૦મી.ફ્રી સ્ટાઈલ ઈવેન્ટ ૨૩.૨૦ના સમયમાં પૂર્ણ કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. જોકે,




હીરની પ્રથમ જ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા હોવાથી તે હોંગકોંગના પ્રતિસ્પર્ધીથી માત્ર ૪૧ માઈક્રોસેકન્ડ પાછળ રહી જતા સિલ્વર મેડલથી વંચિત રહેવું પડયું હતુ. પહેલી જ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં મહેનત અને પ્રતિભાને સાબિત કરી બતાવી મેડલ મેળવનાર હીરને રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશનના હોદેદારોએ અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.




# મુકેશજીની જન્મજયંતિએ 'લૌટકે આજા મેરે મિત' સ્વરાંજલિ યોજાઈ

### રાષ્ટ્રીય શાળામાં કર્ણપ્રિય ગીતોની મધુર રજૂઆતથી શ્રોતાઓ મંત્રમુગ્ધ; અનેક કલાકારોએ આપી સંગીતમય અંજલિ

સિટી ન્યૂઝ@રાજકોટ

મહાન પાર્શ્વગાયક મુકેશજીની ૧૦૩મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય શાળા ખાતે 'લૌટકે આજા મેરે મિત' શીર્ષક હેઠળ ભવ્ય સ્વરાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી, રાજકોટના આર્થિક સહયોગ અને બોલબાલા ફાઉન્ડેશનના સૌજન્યથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંગીતરસિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું.

કાર્યક્રમમાં દિનેશ બાલાસરા અને તૃપ્તિ દવેએ મુકેશજીના લોકપ્રિય તેમજ કર્ણપ્રિય ગીતોની ભાવસભર રજૂઆત કરીને શ્રોતાઓની દિલથી પ્રશંસા મેળવી હતી. મહેમાન ગાયક તરીકે નિલેશ વસાવડા, જયેશ દવે અને કિરીટ જોશીએ પણ મુકેશજીના અમર અને યાદગાર ગીતો રજૂ કરીને કાર્યક્રમને વધુ રંગીન બનાવ્યો હતો અને સંગીતપ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

સંગીત સાથમાં શૈલેષ પંડ્યા, નિલેશ પાઠક, સચિન શર્મા, દેવાંગ જાની અને મહર્ષિ શીંગાળાએ સુંદર સહયોગ આપ્યો હતો, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.પી. જોશીએ અસરકારક રીતે સંભાળ્યું હતું.

લગભગ સાડા ત્રણ કલાક સુધી સતત ચાલેલા આ કાર્યક્રમમાં જયેશભાઈ ઉપાધ્યાય, પરેશભાઈ પોપટ, નિર્લોક પરમાર, અરુણભાઈ દવે સહિતના આગેવાનો અને સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

# નીટ મુદ્દે આંદોલનને શેરી-ગલી સુધી લઈ જવાની લોકસંસદ વિચાર મંચની જાહેરાત

## 24 જુલાઈએ સ્થાનિક સ્તરે ધરણાં યોજાશે; ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને વિદ્યાર્થીઓના પરિવારોને સહાયની માંગ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકસંસદ વિચાર મંચે નીટ પરીક્ષાના મુદ્દે ચાલી રહેલા આંદોલનને વધુ વ્યાપક અને અસરકારક બનાવવાની જાહેરાત કરી છે. મંચના આગેવાઓએ જણાવ્યું છે કે સંસદ અને જાહેર સ્થળોએ વિરોધ કાર્યક્રમો બાદ હવે રાજકોટમાં શેરી-ગલી સ્તરે ધરણાં યોજીને જનઆંદોલનને વધુ મજબૂત બનાવવામાં આવશે અને લોકો સુધી સીધી પહોંચ કરવામાં આવશે. મંચના આગેવાનો દિલીપ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, ઈન્દુભા રાઓલ, પ્રવીણ લાખાણી, નટુભા ઝાલા, અશોક બુટાણી, કમલેશ પારેખ, મગન પટેલ, સલીમ કારિયાણીયા અને કમલેશ જોટંગિયાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે ૨૪ જુલાઈના રોજ સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમિયાન પોતાના રહેણાંક વિસ્તાર પાસે પ્રતીકાત્મક ધરણાં યોજાશે. આ દરમિયાન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે સાથે નીટ મુદ્દે જીવ ગુમાવનારા વિદ્યાર્થીઓના પરિવારોને યોગ્ય આર્થિક સહાય અને ન્યાય આપવાની માંગ વધુ જોરશોરથી ઉઠાવવામાં આવશે. મંચે એવો પણ દાવો કર્યો છે કે જાહેર ધરણાં માટે પોલીસ મંજૂરી મેળવવામાં સતત મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે અને કેટલાક કિસ્સાઓમાં મંજૂરી ન મળતા હવે સ્થાનિક સ્તરે વિરોધ કાર્યક્રમો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે પોલીસ તરફથી લેખિત કારણ આપવામાં આવ્યું નથી, જેના કારણે પ્રશ્નો વધુ ગંભીર બન્યા છે, તેમ મંચે જણાવ્યું છે. લોકસંસદ વિચાર મંચે વધુમાં જણાવ્યું છે કે ભારતીય બંધારણમાં નાગરિકોને શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે અને તે અધિકારના દાયરામાં રહીને કાર્યક્રમો યોજવામાં આવશે. મંચે જાગૃત નાગરિકોને પણ આ વિરોધ કાર્યક્રમોમાં જોડાઈને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવા અપીલ કરી છે.

# રાજુલામાં વાંગચુકના સમર્થનમાં યુવાનનું પ્રતીકાત્મક મૌન વિરોધ

## આંબેડકર સર્કલ પર પોસ્ટરો સાથે દિવસભર ઊભા રહી NEET મુદ્દે નૈતિક સમર્થન જાહેર કર્યું, લોકોમાં ચર્ચા જાગી

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-રાજુલા**




દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલી રહેલા સોનમ વાંગચુકના આંદોલનને હવે દેશભરના યુવાનોનો વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. આ જ કડીમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામના એક યુવાને અનોખી રીતે પ્રતીકાત્મક વિરોધ નોંધાવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રાજુલા શહેરના ડો. બાબાસાહેબ આંબેડકર સર્કલ ખાતે હાથમાં પોસ્ટરો લઈને દિવસભર ઊભા રહી તેણે સોનમ વાંગચુકના આંદોલનને પોતાનું નૈતિક સમર્થન જાહેર કર્યું હતું.

મોરંગી ગામના મોહિત રાઠોડે NEET પરીક્ષાના મુદ્દે વિદ્યાર્થીઓને ન્યાય મળે, પેપર લીક જેવી ઘટનાઓ પર કડક કાર્યવાહી થાય અને શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવામાં આવે તેવી માંગ સાથે આ પ્રતીકાત્મક વિરોધ કર્યો હતો. સવારથી સાંજ સુધી સતત ઊભા રહી કરવામાં આવેલા આ વિરોધને કારણે સ્થાનિકોમાં ભારે ચર્ચા જાગી હતી અને અનેક લોકો આ દ્રશ્ય જોવા માટે એકત્ર થયા હતા. મોહિત રાઠોડે જણાવ્યું હતું કે સોનમ વાંગચુક દેશના લાખો વિદ્યાર્થીઓના હક અને ન્યાય માટે સંઘર્ષ કરી રહ્યા છે. પેપર લીક જેવી ઘટનાઓ વિદ્યાર્થીઓની મહેનત અને ભવિષ્ય સાથે અન્યાય સમાન છે. આવી પરિસ્થિતિમાં યુવાનોને મૌન રહેવું યોગ્ય નથી અને ન્યાય માટે અવાજ ઉઠાવવો જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે આ લડતમાં તેઓ સંપૂર્ણપણે સોનમ વાંગચુકની સાથે છે અને તેમને નૈતિક સમર્થન આપે છે.

સ્થાનિક સ્તરે યોજાયેલા આ પ્રતીકાત્મક વિરોધને કારણે NEET મુદ્દે ચાલી રહેલી ચર્ચાને વધુ વેગ મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન અનેક લોકોએ યુવાનના આ પ્રયાસને વખાણ્યો હતો અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટે આવી જાગૃતિ જરૂરી હોવાનું જણાવ્યું હતું.

# ચક્ષુદાનથી બે વ્યક્તિઓના જીવનમાં પ્રકાશ,ચોકસી પરિવારની પ્રેરણાદાયી પહેલ

## સ્વ. નીતિનકુમાર ચોકસીના નિધન બાદ પરિવારનો ચક્ષુદાનનો નિર્ણય; શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી સેવા સંપન્ન

**સિટી ન્યૂઝ@રાજકોટ**



મૂળ જુનાગઢના અને હાલ રાજકોટમાં રહેતા સ્વ. નીતિનકુમાર રતિલાલ ચોકસી (ઉં.વ. ૭૧)ના નિધન બાદ તેમના પરિવારે બંને ચક્ષુઓનું દાન કરીને સમાજને પ્રેરણારૂપ સંદેશ આપ્યો છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીના સહયોગથી ચક્ષુદાનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. પરિવારના રીનાબેન ચોકસી, કેવલભાઈ, અવનીબેન, દર્શનાબેન, ખ્યાતિબેન, કિરીટભાઈ અને અનિલભાઈએ ચક્ષુદાનનો નિર્ણય લઈને બે જરૂરિયાતમંદ વ્યક્તિઓના જીવનમાં પ્રકાશ પહોંચાડવાનો સેવાભાવી સંકલ્પ કર્યો હતો. અર્હમ ફાઉન્ડેશનના આંખના સર્જન ડો. ધર્મેશ શાહ અને તેમની ટીમે ચક્ષુદાનની સેવા આપી હતી. ફાઉન્ડેશન દ્વારા જણાવાયું છે કે વ્યક્તિના અવસાન બાદ ૬ કલાકની અંદર ચક્ષુદાન અને સ્કિનદાન શક્ય બનતું હોવાથી સમાજમાં આ અંગે વધુ જાગૃતિ ફેલાવવાની જરૂર છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ જણાવ્યું હતું કે ચક્ષુદાન, અંગદાન અને સ્કિનદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ અંગે લોકો વધુમાં વધુ આગળ આવે તે સમયની જરૂરિયાત છે. ઉપરાંત જન્મદિવસ, પુણ્યતિથિ અથવા અન્ય પ્રસંગે રક્તદાન કેમ્પ જેવા સમાજોપયોગી કાર્યક્રમો યોજીને પણ લોકો માનવસેવામાં યોગદાન આપી શકે છે.

# “વહાલુડીના વિવાહ-9” માટે દીકરાનું ઘર ફરી બનશે 22 દીકરીઓનું માવતર

## 20 ડિસેમ્બરે ભવ્ય લગ્નોત્સવ; 24 જુલાઈથી ફોર્મ વિતરણ, શહીદ જવાનની દીકરીને રૂ. 5 લાખ સુધીનો કરિયાવર

સિટી ન્યૂઝ@રાજકોટ



છેલ્લા ૨૮ વર્ષથી નિરાધાર વડીલોની સેવા સાથે માનવતાની અનોખી મિસાલ ઉભી કરનાર 'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમ દ્વારા સતત નવમાં વર્ષે 'વહાલુડીના વિવાહ'નું ભવ્ય અને ગૌરવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૦ ડિસેમ્બરે યોજાનારા આ લગ્નોત્સવમાં માતા-પિતા વિહોણી અથવા પિતાની છત્રછાયા ગુમાવેલી ૨૨ દીકરીઓના લગ્ન કરાવવામાં આવશે. આ માટે ૨૪ જુલાઈથી ૨૮ ઓગસ્ટ સુધી અરજી ફોર્મનું વિતરણ કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ જોડાય તેવી સંસ્થાએ આશા વ્યક્ત કરી છે.

સંસ્થાના જણાવ્યા મુજબ, ૨૦૧૮થી શરૂ થયેલા આ સેવાયજ્ઞ હેઠળ અત્યાર સુધીમાં ૧૮૯ નિરાધાર દીકરીઓના લગ્ન કરાવવામાં આવ્યા છે, જે સમાજમાં એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ તરીકે ઓળખ મેળવી ચૂક્યું છે. આ વર્ષે વધુ ૨૨ દીકરીઓને લગ્ન સાથે ઘરવખરીનો સમૃદ્ધ અને ઉપયોગી કરિયાવર આપવામાં આવશે. દરેક દીકરીને કબાટ, પલંગ, ફ્રિજ, એર કુલર, મિક્સર, વાસણો, ૩૧ જોડી કપડાં, સોના-ચાંદીની વસ્તુઓ સહિત ૩૦૦થી વધુ ઘરવપરાશની ચીજવસ્તુઓ ભેટરૂપે આપવામાં આવશે, જેથી તેઓ પોતાના નવા જીવનની શરૂઆત આત્મવિશ્વાસ અને સ્વાભિમાન સાથે કરી શકે.

સંસ્થાએ વધુમાં જણાવ્યું છે કે દેશ માટે શહીદ થયેલા જવાનની દીકરીનો કિસ્સો ધ્યાનમાં આવશે તો તેના લગ્ન સંસ્થા દ્વારા વિશેષ રીતે કરાવી રૂ. ૫ લાખ સુધીનો કરિયાવર પણ આપવામાં આવશે. ઉપરાંત સરકારની 'કુંવરબાઈનું મામેરું' અને 'સપ્તપદીના સાત ફેરા' જેવી સહાય યોજનાઓનો લાભ પણ દીકરીઓ સુધી પહોંચાડવામાં સંસ્થા સક્રિય ભૂમિકા ભજવશે, જેથી આ દીકરીઓને આર્થિક રીતે પણ મજબૂતી મળી રહે.

સંસ્થાપક મુકેશ દોશીએ જણાવ્યું હતું કે 'વહાલુડીના વિવાહ' માત્ર એક લગ્નોત્સવ નથી, પરંતુ અનાથ અને નિરાધાર દીકરીઓના જીવનમાં ખુશીઓ, સુરક્ષા અને આત્મવિશ્વાસનો સંચાર કરવાનો એક માનવતાભર્યો પ્રયાસ છે. તેમણે ઉમેર્યું હતું કે સમાજના સહયોગ વગર આ કાર્ય શક્ય નથી, તેથી દાતાઓને આ સેવાયજ્ઞમાં સહભાગી બનવા અને આવી દીકરીઓની માહિતી સંસ્થા સુધી પહોંચાડવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.આ સમગ્ર આયોજનમાં સંસ્થાના ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ ઉત્સાહપૂર્વક જોડાયા છે અને લગ્નોત્સવને સફળ બનાવવા માટે વિવિધ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સંસ્થાની બહેનો પણ માતા અને બહેનની ભૂમિકામાં રહી દીકરીઓને માર્ગદર્શન અને સહારો આપી રહી છે, જે આ પ્રસંગને વધુ ભાવનાત્મક બનાવે છે.

'વહાલુડીના વિવાહ-૯' માટેના ફોર્મ ૨૪ જુલાઈથી ૨૮ ઓગસ્ટ દરમિયાન દરરોજ સાંજે ૪થી ૭ વાગ્યા સુધી ગુરુક્ષા કોમ્પ્લેક્સ, વિરાણી ચોક, ટાગોર રોડ, રાજકોટ ખાતે ઉપલબ્ધ રહેશે. અરજી કરતી દીકરીએ ઉંમરનું પ્રમાણપત્ર સાથે લાવવું ફરજિયાત રહેશે.

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે MAARANની રિલીઝ તારીખ જાહેર કરી

# રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ 'મારણ' 31 જુલાઈએ રાજ્યભરમાં રિલીઝ માટે તૈયાર

સિટી ન્યૂઝ@અમદાવાદ





૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ-૨૦૨૬માં શ્રેષ્ઠ ગુજરાતી ફીચર ફિલ્મનો પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનારી ફિલ્મ 'મારણ' (MAARAN) હવે આગામી ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ સમગ્ર ગુજરાતના સિનેમાઘરોમાં ભવ્ય રીતે રિલીઝ થવા જઈ રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તાવાર રીતે ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરી હતી, જેને લઈને ફિલ્મપ્રેમીઓમાં ઉત્સાહનો માહોલ સર્જાયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ફિલ્મની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે તેઓ વ્યક્તિગત રીતે ફિલ્મ જોવા આતુર છે. તેમણે ઉમેર્યું હતું કે સામાજિક સંદેશ આપતી અને ગુણવત્તાસભર ગુજરાતી ફિલ્મો રાજ્યની સંસ્કૃતિને મજબૂત બનાવે છે અને આવી ફિલ્મોને સરકાર તરફથી સતત પ્રોત્સાહન આપવામાં આવશે. ફિલ્મના નિર્માતાઓએ જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય પુરસ્કાર સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે અને તેઓ આ સિદ્ધિ રાજ્યના લોકો અને ગુજરાતી સિનેમાને સમર્પિત કરે છે. મુખ્યમંત્રીના હસ્તે રિલીઝ તારીખ જાહેર થવી સમગ્ર ટીમ માટે ગૌરવપૂર્ણ અને યાદગાર ક્ષણ હોવાનું પણ તેમણે જણાવ્યું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ ફિલ્મની ટીમને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે આ સિદ્ધિ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર ફિલ્મ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી તમામ સહયોગ આપવા પ્રતિબદ્ધ છે. કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાએ દિગ્દર્શક અભિષેક જૈન સાથે મુલાકાત કરી ફિલ્મની વાર્તા, વિષયવસ્તુ અને શીર્ષક અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી તેમજ તેમની સર્જનાત્મક કામગીરીનું સન્માન કર્યું હતું. અભિષેક જૈનના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં દીક્ષા જોશી, યશ સોની, શ્રુહદ ગોસ્વામી, તર્જની ભડલા, અભિનય બેન્કર અને વૈશાખ રાઠોડ સહિતના પ્રતિભાશાળી કલાકારોએ અભિનય કર્યો છે. ફિલ્મનું નિર્માણ નયન જૈન, અમિત દેસાઈ અને અભિષેક જૈને સંયુક્ત રીતે કર્યું છે.

# રાજકોટમાં 26 જુલાઈએ યોજાશે માં અંબાનો ભક્તિ સંગીતનો દિવ્ય કાર્યક્રમ

» પૂજ્ય પારસમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અરિહંત ઇન્વેસ્ટમેન્ટ પરિવાર દ્વારા સુંદર આયોજન

» અરવિંદભાઈ મણિયાર હોલ ખાતે રાત્રે 9 થી 12 લોકસાહિત્ય અને સંગીતની રમઝટ બોલશે

» મેહુલ રવાણીના માર્ગદર્શનમાં 'માં અંબા ભાવ-ધ્યાન' અને મંત્રોચ્ચારનું વિશેષ આધ્યાત્મિક આકર્ષણ






**સિટી ન્યૂઝ@રાજકોટ**

અરિહંત ઇન્વેસ્ટમેન્ટ પરિવારના આયોજન હેઠળ આગામી ૨૬ જુલાઈ, ૨૦૨૬ (રવિવાર)ના રોજ રાજકોટના અરવિંદભાઈ મણિયાર હોલ (એસી), જ્યુબિલી ચોક ખાતે 'માં અંબા ભાવ-ધ્યાન'ની ભક્તિમય અને આધ્યાત્મિક રાત્રિનું ભવ્ય અને ગૌરવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૯:૦૦થી ૧૨:૦૦ દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં ભક્તિ, સંગીત, લોકસાહિત્ય અને આધ્યાત્મિક ભાવ-ધ્યાનનો અનોખો અને મનમોહક સમન્વય જોવા મળશે, જે ભાવિકોને એક દિવ્ય, શાંતિપૂર્ણ, આનંદમય અને આત્મિક ઊર્જાથી ભરપૂર અનુભવ આપશે.

આયોજકોના જણાવ્યા મુજબ, સદગુરુદેવ પૂજ્ય પારસમુનિ મહારાજ સાહેબના આશીર્વાદ અને પ્રેરણાથી યોજાતા આ કાર્યક્રમમાં શાસ્ત્રીજી આચાર્યશ્રી બાલકૃષ્ણ રાજયગુરુ દ્વારા માતાજીની ભાવવાહી, હૃદયસ્પર્શી અને આધ્યાત્મિક ઊંડાણ ધરાવતી સ્તુતિ, જયેશ બારોટ દ્વારા લોકસાહિત્યની રસપ્રદ, પ્રેરણાદાયી અને સંસ્કૃતિસભર રજૂઆત તેમજ મિહિર રૂધાણી અને તેમની ટીમ દ્વારા મધુર, ભાવસભર અને ભક્તિમય સંગીતની રમઝટ રજૂ કરવામાં આવશે. આ તમામ રજૂઆતો સમગ્ર વાતાવરણને ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઊર્જાથી ઓતપ્રોત બનાવી દેશે.

કાર્યક્રમનું વિશેષ આકર્ષણ 'માં અંબા ભાવ-ધ્યાન' અને સામૂહિક મંત્રોચ્ચાર રહેશે. મેહુલ રવાણીના માર્ગદર્શન હેઠળ ભાવ-ધ્યાન અને માર્ગદર્શિત મેડિટેશનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાવિકોને આંતરિક શાંતિ, માનસિક સ્થિરતા, સકારાત્મક ઊર્જા, આત્મવિશ્વાસ અને આધ્યાત્મિક ઉન્નતિનો ઊંડો અને યાદગાર અનુભવ કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સત્ર દરમિયાન ભાવિકો માતાજીના ચરણોમાં સમર્પિત થઈને આત્મિક શાંતિ, આનંદ, સંતોષ અને દિવ્ય અનુભૂતિનો લાભ લઈ શકશે, જે તેમના જીવનમાં નવી પ્રેરણા અને શક્તિનો સંચાર કરશે.

કાર્યક્રમ માટે વ્યક્તિદીઠ રૂ. ૫૦નો પ્રવેશ પાસ રાખવામાં આવ્યો છે. આયોજકોએ ભાવિકોને સમયસર ઉપસ્થિત રહેવા તેમજ કાર્યક્રમ દરમિયાન ભક્તિમય અને શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે મોબાઈલ ફોન સાઈલન્ટ મોડમાં રાખવા સહકાર આપવા વિનંતી કરી છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ભાવિકો પોતાના જીવનમાં આધ્યાત્મિક ઊર્જાનો સંચાર કરી શકશે અને એક અનોખો આધ્યાત્મિક અનુભવ મેળવી શકશે.

વધુ માહિતી માટે મેહુલ રવાણીનો 9825882579 અને 9825882539 પર સંપર્ક કરી શકાય છે.

# ખોડીયારનગરમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પને સારો પ્રતિસાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ, જય મુરલીધર ગ્રુપ અને સી.જે. ગ્રુપ રાજકોટના સંયુક્ત ઉપક્રમે આજી જીઆઈડીસી વિસ્તારના ખોડીયારનગર ખાતે નિશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો પ્રારંભ વોર્ડ નં. ૧૫ના કોર્પોરેટર નિલેશ હેરભાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વોર્ડ પ્રમુખ મયુર વજકાણી, વોર્ડ મહામંત્રી મોલીક પરમાર, જયવંતસિંહ જાડેજા સહિત ભાજપના આગેવાનો અને વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં રાજકોટ





## તજજ્ઞ ડોક્ટરો દ્વારા તપાસ, દવાઓ અને લેબોરેટરી સેવા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાઈ

હોમિયોપેથીક મેડિકલ કોલેજ, પારૂલ યુનિવર્સિટી સંચાલિત સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલના ડો. હિતાર્થ મહેતા, ડો. બી.પી. પાન્ડા, ડો. મીનલ ત્રિવેદી, ડો. રિંકલ અધ્વર્યુ, ડો. અભિષેક રાણા, ડો. અસ્મિતા રાઠોડ, ડો. હાર્દિ માલાણી અને ડો. રવિ ખાણદર દ્વારા જનરલ ચેકઅપ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ડો. નિતાબેન ટાંક દ્વારા દાંતની સારવાર, ડો. નિધી પંડયા દ્વારા ફિઝિયોથેરાપીની સેવા તેમજ દર્શના મકવાણા અને તેમની ટીમ દ્વારા વિનામૂલ્યે લેબોરેટરી તપાસ કરવામાં આવી હતી. દર્દીઓને જરૂરી દવાઓ પણ નિશુલ્ક આપવામાં આવી હતી. આયોજકોના જણાવ્યા મુજબ કેમ્પનો વિસ્તારના મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. કેમ્પને સફળ બનાવવા જય મુરલીધર ગ્રુપના દિનેશ મકવાણા, આશિષ હેરભા, જયપાલ પટગીર તેમજ સી.જે. ગ્રુપના પ્રમુખ ચિરાગ ધામેચા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# SGVP ગુરુકુલ રીબડામાં 1 લાખ વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ





## સમૂહ વૃક્ષારોપણ સાથે હરિયાળા ભવિષ્યનો સંકલ્પ; સંતો, જનપ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓનો ઉત્સાહભેર સહભાગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

SGVP ગુરુકુલ રીબડા ખાતે 'વૃક્ષ વાવીએ... વૃક્ષ ઉછેરીએ... ભવિષ્ય હરિયાળું બનાવીએ...'ના પવિત્ર સંદેશ સાથે ૧ લાખ વૃક્ષારોપણ મહાઅભિયાન અંતર્ગત ભવ્ય સમૂહ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત આ અભિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પેડ મા કે નામ' અને ગૃહમંત્રી અમિત શાહના 'એક કરોડ વૃક્ષારોપણ'ના મહાસંકલ્પને સાકાર કરવાનો મહત્વપૂર્ણ પ્રયાસ હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.

આ મહાઅભિયાન પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા તેમજ સદ્ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી અને ગુરુકુલના સંચાલક ધર્મવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ વિધિવત રીતે યોજાયું હતું. આ પ્રસંગે બાલકૃષ્ણદાસજી સ્વામીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર કુદરતી સૌંદર્ય નથી પરંતુ સમગ્ર માનવજાત અને જીવસૃષ્ટિના જીવનદાતા છે. તેમણે દરેક પરિવારે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમમાં પૂર્વ સાંસદ રમેશ ધડુક, જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા, રાજકોટ શહેરના ધારાસભ્ય રમેશ ટીલાળા, SGVP ગુરુકુલ પરિવારના ટ્રસ્ટી મધુ દોંગા, ઉદ્યોગપતિ યોગેશ વઘાસીયા અને જમન બાલધા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી પોતાના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુકુલના સંતો, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સમૂહ વૃક્ષારોપણમાં ભાગ લઈ હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણના સંકલ્પને સાકાર બનાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ઈનર વ્હીલ ક્લબ ગોંડલમાં નવા હોદ્દેદારોનું શપથ ગ્રહણ યોજાયું

**13મા સેવા વર્ષનો પ્રારંભ**

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ઈનર વ્હીલ ક્લબ ગોંડલ (ડિસ્ટ્રીક્ટ ૩૦૬, ચાર્ટર નં. ૬૧૩૩)ના ૧૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થતાં ક્લબના ૧૩મા સેવા વર્ષના પ્રારંભ નિમિત્તે નવા હોદ્દેદારોના શપથ ગ્રહણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્લબના સભ્યોમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો.




સમારોહ દરમિયાન જલ્પા મકવાણાએ પ્રમુખ તરીકે, અમિ તેરૈયાએ સેક્રેટરી તરીકે, નીપા મોઢાએ ટ્રેઝરર તરીકે તથા દિશા ઠકરારે આઈ.એસ.ઓ. તરીકે શપથ ગ્રહણ કરી પોતાની નવી જવાબદારીઓ સંભાળી હતી. તમામ હોદ્દેદારોએ ક્લબના મૂલ્યોને આગળ વધારવા અને સમાજસેવામાં વધુ સક્રિય બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ક્લબના આગેવાનોએ જણાવ્યું હતું કે ઈનર વ્હીલ ક્લબ ગોંડલ છેલ્લા ૧૨ વર્ષથી સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં સતત કાર્યરત રહી છે અને અનેક નોંધપાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને મંદબુદ્ધિના બાળકોના કલ્યાણ, મહિલા સશક્તિકરણ, આરોગ્ય જાગૃતિ અને સામાજિક ઉત્થાન માટે ક્લબ દ્વારા વિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજવામાં આવ્યા છે.

નવા હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ આગામી વર્ષ દરમિયાન પણ સમાજલક્ષી અને જનકલ્યાણના કાર્યોને વધુ વેગ મળશે તેમજ સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વ્યાપક અને અસરકારક બનાવવામાં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ક્લબના સભ્યો દ્વારા પણ એકજૂટ થઈ સમાજસેવાના કાર્યોમાં વધુ સક્રિય ભાગ લેવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# રૂડાનગર જૈન ઉપાશ્રયે 23 જુલાઈએ ચાતુર્માસ મંગલ પ્રવેશ યાત્રા યોજાશે

## પૂ. સુમિતબાઈ મહાસતીજી આદિ ઠાણા-૬ના આગમનને લઈને ભાવિકોને જોડાવા આમંત્રણ

સિટી ન્યૂઝ@રાજકોટ

રૂડાનગર સ્થાનકવાસી જૈન સંઘ, કાલાવડ રોડ સ્થિત નૂતન ઉપાશ્રય ખાતે પૂ. સુમિતબાઈ મહાસતીજી આદિ ઠાણા-૬ના ચાતુર્માસ નિમિત્તે ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ મંગલ પ્રવેશ મહોત્સવ યોજાશે. આ પ્રસંગે વિશાળ પ્રવેશ યાત્રા અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘ તરફથી જણાવ્યા મુજબ સવારે ૬:૪૫ કલાકે નિપુણભાઈ દોશીના સેરેનીટી ગાર્ડનથી પ્રવેશ યાત્રાનો પ્રારંભ થશે. સવારે ૭:૦૦ કલાકે ઈસ્કોન ટેમ્પલ પાસે ભાવિકો અને વિવિધ શ્રીસંઘોને એકત્ર થવા અનુરોધ કરવામાં આવ્યો છે. ત્યારબાદ




રૂડાનગર ઉપાશ્રય તરફ યાત્રા પ્રસ્થાન કરશે અને સવારે ૭:૧૫ કલાકે મંગલ પ્રવેશ મહોત્સવ યોજાશે.

પ્રવેશ યાત્રામાં ભાઈઓને સફેદ વસ્ત્રો અને બહેનોને લાલ-લીલા વસ્ત્રોમાં જોડાવા અપીલ કરવામાં આવી છે. કળશ, અષ્ટમંગલ અને આગમ સાથે યાત્રામાં જોડાવવા માટે ૧૮ બહેનોને તૈયાર રહેવા તેમજ પ્રભાવના માટે દાતાશ્રીઓને નામ નોંધાવવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.આ ચાતુર્માસ મહોત્સવ પૂ. સુશાંતમુનિ મ.સા., પૂ. નમ્રમુનિ મ.સા., પૂ. પારસમુનિ મ.સા., પૂ. ચેતનમુનિ મ.સા., પૂ. વનિતાબાઈ મ. તથા અન્ય સંતોના અનુગ્રહ અને પ્રેરણાથી યોજાઈ રહ્યો હોવાનું સંઘ દ્વારા જણાવાયું છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| XTRANET TECHNOLOGIES | 23/7 | 27/7 | 120 - 127 | 110 | 13,970 |
| INDO-MIM | 23/7 | 27/7 | 461 - 485 | 30 | 14,550 |
| LOHIA CORP | 23/7 | 27/7 | 404 - 425 | 35 | 14,875 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| GULF LLOYDS (INDIA) | 20/7 | 22/7 | 100 | 2400 | 2,40,000 |
| METALIC TECHNOFORGE | 21/7 | 23/7 | 72 - 77 | 3200 | 2,46,400 |
| SHREE BALAJI (MALA) TEXTILES | 22/7 | 24/7 | 66 - 70 | 4000 | 2,80,000 |
| SILVERSTORM PARKS & RESORTS | 24/7 | 28/7 | 123 - 133 | 2000 | 2,66,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- BAJAJ AUTO એ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧ FY૨૭) ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૪૫.૯% ના ઉછાળા સાથે ૩,૨૨૫.૬૩ કરોડ થયો છે. કુલ આવક: ૨૧,૬૮૮.૮૩ કરોડ રહી છે, જે ગયા વર્ષના સમાન ગાળાના ૧૩,૧૩૩.૩૫ કરોડની સરખામણીએ ૬૫.૧% વધુ છે. CONSOLIDATED EBITDA: ૬૨.૨% ના વધારા સાથે ૪,૫૩૧.૧૫ કરોડ નોંધાયો છે.
- ADANI ENERGY SOLUTIONS ઓપરેશન્સમાંથી આવક: વાર્ષિક ધોરણે ૪૨.૪% ના ઉછાળા સાથે ૯,૭૧૧.૦૮ કરોડ રહી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૬,૮૧૯.૨૮ કરોડ હતી. કુલ આવક: અન્ય આવક સહિત કંપનીની કુલ આવક ૪૦.૨% વધીને ૯,૮૫૨.૨૦ કરોડ ની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી છે. એબિટા (EBITDA): કંપનીનો ઓપરેટિંગ નફો 30% વધીને ૩,૦૦૮.૪૫ કરોડ નોંધાયો છે. રોકડ નફો: કંપનીનો ૭૦% ના જબરદસ્ત ગ્રોથ સાથે ૧,૭૭૬ કરોડ થયો છે.
- TVS MOTOR COMPANY કંપનીનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો (PAT) વાર્ષિક ધોરણે ૫૧.૩% વધીને ૧,૧૭૪ કરોડ ની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો છે. ઓપરેશન્સમાંથી આવક: વાર્ષિક ધોરણે ૩૮% ના વધારા સાથે ૧૩,૮૯૬ કરોડ ની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ રહી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧૦,૦૮૧ કરોડ હતી. EBITDA: ઓપરેટિંગ પ્રોફિટ ૪૧% વધીને ૧,૭૭૯ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષે ૧,૨૬૦ કરોડ હતો.
- INDIAN HOTELS COMPANY કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૦.૮% વધીને ૩૫૮ કરોડ પર પહોંચી ગયો છે. ઓપરેશન્સમાંથી આવક: વાર્ષિક ધોરણે ૧૪.૬% ના વધારા સાથે ૨,૩૩૯ કરોડ રહી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૨,૦૪૧ કરોડ હતી. કુલ આવક: અન્ય સોર્સની આવક સહિત કંપનીની કુલ આવક ૧૫.૧% વધીને ૨,૪૧૯ કરોડ નોંધાઈ છે. OPERATING EBITDA: ૧૬.૮% ના વધારા સાથે ૬૭૨ કરોડ થયો છે, જે ગયા વર્ષે ૫૭૬ કરોડ હતો.
- MAHINDRA AND MAHINDRA FINANCIAL SERVICES કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૭૫.૩% વધીને ૯૨૭.૫૦ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૫૨૯ કરોડ હતો. કોન્સોલિડેટેડ કુલ આવક: ઓપરેશન્સમાંથી કુલ આવક ૧૪.૬% ના ગ્રોથ સાથે ૫,૭૨૪.૮૦ કરોડ રહી છે, જે ગયા વર્ષે ૫,૦૧૩.૪૦ કરોડ હતી. નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII): વ્યાજની આવક ૧૮% વધીને ૨,૫૮૦ કરોડ નોંધાઈ છે, જે ધિરાણ વ્યવસાયમાં મજબૂત પકડ દર્શાવે છે. નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM): વ્યાજનું માર્જિન ગયા વર્ષના ૬.૭% થી વધીને ૭.૩% ની મજબૂત સપાટીએ પહોંચ્યું છે.
- GABRIEL INDIA કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે માત્ર ૧.૯% વધીને ૧૦૭.૪ કરોડ રહ્યો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૦૫.૪ કરોડ હતો. ઓપરેશન્સમાંથી આવક: વાર્ષિક ધોરણે ૧૫.૮૮% ના વધારા સાથે ૧,૪૩૦ કરોડ પર પહોંચી ગઈ છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧,૨૩૪ કરોડ હતી. OPERATING EBITDA: કંપનીનો ઓપરેટિંગ પ્રોફિટ ૫.૦૮% વધીને ૧૨૪ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષે ૧૧૮ કરોડ હતો.
- SAGILITY કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૪૫.૬૪% વધીને ૨૧૭ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૪૯ કરોડ હતો. ઓપરેશન્સમાંથી આવક: વાર્ષિક ધોરણે ૨૭.૫૫% ના ઉછાળા સાથે ૧,૯૬૩ કરોડ રહી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧,૫૩૯ કરોડ હતી. EBITDA: કંપનીનો ઓપરેટિંગ પ્રોફિટ ૫૪.૯૩% ના વધારા સાથે ૪૪૦ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે ૨૮૪ કરોડ હતો.
- TRIDENT કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૨.૯% વધીને ૧૫૮ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૪૦ કરોડ હતો. ઓપરેશન્સમાંથી આવક: વાર્ષિક ધોરણે ૪.૭% ના સામાન્ય વધારા સાથે ૧,૭૮૬.૮૦ કરોડ રહી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧,૭૦૬.૮૦ કરોડ હતી. EBITDA: ઓપરેટિંગ પ્રોફિટ ૨.૭% વધીને ૨૯૯.૬૦ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષે ૨૯૧.૭૦ કરોડ હતો.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – **"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય –**
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**